# શ્રી જૈન ધર્મ પ્રકાશ

શ્રાવણ

पुस्तक ૭૩ મું
અંક ૧૦
૧ લી ઓગસ્ટ

વીર સં. ૨૪૮૩
વિ. સં. ૨૦૧૩
ઈ. સ. ૧૯૫૭

श्री जैनधर्म प्रकाशक सभा.

असंखयं जीविय मा पमायए,
जरोवणीयस्स हु नत्थि ताणम्।
एवं विजाणाहि जणे पमत्ते,
कं नु विहिंसा अजया गहिन्ति ?

જીવન તૂટ્યા પછી તેનો સંસ્કાર થઈ શકતો નથી અર્થાત્ તૂટવાની અણી ઉપર આવેલું જીવન સંધાતું નથી માટે એ બાબત પ્રમાદ ન કરો, વૃદ્ધાવસ્થા આવી પહોંચ્યા પછી તેનાથી બચાવ થઈ શકતો નથી. જેઓ સંયમ વગરના છે અને વિવિધ રીતે હિંસા કરનારા છે તેઓ અંતસમયે કોના શરણે જવાના ? પ્રમાદી માણસે આ બધું બરાબર સારી રીતે જાણી લેવું જોઈએ.

जे पावकम्मेहि धणं मणुस्सा,
समाययन्ती अमयं गहाय।
पहाय ते पासपयट्टिए नरे,
वेराणुबद्धा नरयं उवेन्ति ॥

પાપકર્મોદ્વારા એટલે છળકપટ કરીને, છેતરીને, ભેળસેળ કરીને અને આવી બીજી અનેક નહિ કરવા જેવી પ્રવૃત્તિઓ કરીને, જે મનુષ્યો અમૃતની પેઠે ધનને સમજીને પેદા કરે છે–કમાય છે–ભેગું કરે છે, તેઓ ફાંસામાં બંધાએલા હોઈ એટલે રાગ, દ્વેષ અને તૃષ્ણા વિગેરે દોષોમાં ફસાએલા હોઈ છેવટે ધનને છોડીને ચાલી નીકળે છે. એવા માણસો કુટુંબમાં કે સમાજમાં વૈર બાંધીને અંતકાળે નરકગતિને પ્રાપ્ત કરે છે.

—મહાવીર વાણી

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અનુક્રમણિકા


૧ શ્રી ... શ્રી આદિનાથ જિન સ્તવન
(મુનિરાજ શ્રી ...વિજયજી) ૧૨૯
૨ ... (૭) .... (સ્વ. પંડિત ... ) ૧૩૦
૩ ... .... .... (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૧૩૧
૪ ... .... (શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી) ૧૩૪
૫ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ : વીસમું અધિવેશન
ભાષણનાં અંશ અને ઠરાવો .... .... .... ૧૩૯


### પૂજા ભણાવવામાં આવી

આપણી સભાની છોંતેરમી વર્ષગાંઠ શ્રાવણ શુદિ બીજ ને સોમવારના રોજ હોવાથી તે દિવસે સવારના નવ કલાકે સભાના મકાનમાં પ્રભુજી પધરાવી બાર વ્રતની પૂજા રાગ-રાગણીપૂર્વક ભણાવવામાં આવી હતી, જે સમયે સભાસદબંધુઓ ઉપરાંત અન્ય ભાઈ-બહેનોએ પણ સારી સંખ્યામાં લાભ લીધો હતો.

## ખેદકારક સ્વર્ગવાસ

### ૧. શ્રી નાનચંદ છગનલાલ શાહ


ભાવનગરનિવાસી શ્રી નાનચંદ છગનલાલ શાહ ગત અષાડ વદી ૫ ને બુધવારના રોજ બાશી વર્ષની વૃદ્ધવયે સ્વર્ગવાસી થયા છે. સ્વર્ગસ્થ મિલનસાર તેમજ ધાર્મિક વૃત્તિના અને ભદ્રિક પરિણામી હતા. ધાર્મિક વાંચનનો તેમનો શોખ ઘણો જ હતો. આ સભાના આજીવન સભાસદ વર્ષોથી થયા હતા. તેમના સ્વર્ગવાસથી તેમના આપ્તજનો પર આવી પડેલ આપત્તિ અંગે અમો સમવેદના વ્યક્ત કરીએ છીએ અને તેમના આત્માને પરમ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પ્રાર્થીએ છીએ.

### ૨. શ્રી દુર્લભદાસ જગજીવનદાસ શાહ

ભાવનગરનિવાસી શ્રી દુર્લભદાસ જગજીવનદાસ વ્યાપારાર્થે વર્ષોથી મુંબઈ રહેતા હતા. હાલમાં તેઓશ્રી અત્રે આવ્યા હતા. અષાડ વદ ૧૧ ના રોજ રાત્રિના હાર્ટ એટેક થતાં અઠ્ઠાવન વર્ષની વયે અચાનક સ્વર્ગવાસી થયા છે. તેઓશ્રી સભાના વર્ષોથી આજીવન સભાસદ હતા તેમજ સભાની પ્રવૃત્તિમાં રસ લેતા હતા. તેમના સ્વર્ગવાસથી સભાને એક લાયક સભાસદની ખામી પડી છે. અમો સ્વર્ગસ્થના આત્માની શાંતિ ઇચ્છી, તેમના આપ્તજનો પ્રત્યે દિલસોજી દર્શાવીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૭૩ મું
અંક ૧૦ | શ્રાવણ | વીર સં. ૨૪૮૩
વિ. સં. ૨૦૧૩

શ્રી રાણકપુરજીમંડન

## શ્રી આદિનાથ જિન સ્તવન

( આ તન રંગ પતંગ સરીખો, જાતાં વાર ન લાગેજી )

રાણકપુરજીમંડન આદિ–નાથજી જય જયકાર રે;
ચઉમુખ બિંબ બિરાજે અનુપમ, મન્દિર ધરણ વિહાર રે. રાણક૦ ૧

ત્રૈલોકયદીપક નલિનીગુલ્મ, અદ્ભુત ચૈત્ય વિશાલ રે;
મન્દિર ઐસા દીસે ન જગમેં, શિલ્પકલાકા ધામ રે. રાણક૦ ૨

તેજે ઝલકે ઝગમગ ઝગમગ, અતિશય પ્રભુમુખ પદ્મ રે;
નિરખી હર્ષી મુજ મન હોવે, પાવે શાન્તિ સદ્મ રે. રાણક૦ ૩

દેવકુલિકા રમ્ય મનોહર, શોભાકા નહીં પાર રે;
વર્ણન જસ મુખસે નવિ હોવે, મહિમા અપરંપાર રે. રાણક૦ ૪

ભાગ્યશાલી થેં વે જિન્હોંને, મૃત્યુમેં સ્વર્ગ બનાત હૈ;
ધન્ય હૈં શતશઃ ધરણાશાકો, જગમેં કીર્તિ ગવાત હૈ. રાણક૦ ૫

હોય સહસ નવ વર્ષે ફાગણ, સુદિ પાંચમ શુભકાર રે;
જંગલમેં ભી મંગલ છાયા, ઠવિયા જિનવર આજ રે. રાણક૦ ૬

વૃષભાંકિત રિષહેસર પૂજા, કરતા સવિ દુઃખ જાય રે;
નેમિ–અમૃત–ગુરુ દેવ પસાયે, હેમચન્દ્ર ગુણ ગાય રે. રાણક૦ ૭

મુનિરાજશ્રી હેમચન્દ્રવિજયજી

For Private And Personal Use Only

# श्रीमहावीरप्रार्थनाशतकम्

कर्ता–स्व. पंडित हरगोविंददास त्रिकमदास शेठ

( ७ )

दुर्जने सज्जने देश, निर्दये सदयेऽथवा ।
क्लेशकारिणि वाऽक्लेशे, माध्यस्थ्यं भवतान्मम ॥ ७५ ॥
निन्दकाय तिरस्कारकरायाघातकारिणे ।
घातकायापि वा देव नाहं रुष्याणि साम्यभाक् ॥ ७६ ॥
स्तापकाय पुरस्कारदायिने चाटुकारिणे ।
अर्चकायापि वा नाथ ! न तुष्यामि कदाप्यहम् ॥ ७७ ॥
सत्तामत्ते नराधीशे, रंके भिक्षाकरेऽथवा ।
जनैर्मान्येऽथवानिन्द्ये, तुल्यवृत्तिमनोऽस्तु मे ॥ ७८ ॥
प्रभुत्वशालिनीभ्ये वा, दरिद्रे वाऽऽपदाकुले ।
प्रबले निर्बले देश, मनो मेस्तु समं सदा ॥ ७९ ॥
विद्याशालिन्यविद्ये वा, वागीशे वा वचोऽक्षमे ।
सुन्दरे कुत्सिते वापि, समंस्तान्मानसं मम ॥ ८० ॥
उपकर्तरि भूयोऽपि, वहुशो वाऽपकर्तरि ।
मानवे दानवे वा मे, सममस्तु मनः सदा ॥ ८१ ॥
स्वातंत्र्ये पारतंत्र्ये वा, भवने वा वनेऽथवा ।
संयोगे वा वियोगे वा, मा मून्मे विषमं मनः ॥ ८२ ॥
सन्माने वापमाने वा, तृणे वा मसृणे मणी ।
जीवने निधने वापि, मनो मे साम्यमश्नुताम् ॥ ८३ ॥
शय्यायां क्षेपके रोगे, सौख्ये वा स्फूर्तिशालिनि ।
स्वपतो जाग्रतो वा मे, मा भूच्चित्तविपर्ययः ॥ ८४ ॥
दीर्घकालमहाकष्टार्जिताया अपि संपदः ।
भवन् क्षणेन विध्वंसः, क्षोभं माऽजीजनन्मम ॥ ८५ ॥
प्रभूतैश्वर्यसंप्राप्तो, देव हर्षोऽपि लेशतः ।
कन्था शेषे च दारिद्र्ये, मा विषादोऽपि भून्मम ॥ ८६ ॥
वचने दुर्जनोद्गीर्णे, कर्कशे मर्मघातिनि ।
नस्ताद् रोषो न तोषो वा, गुणकीर्तनकारिणि ॥ ८७ ॥

( क्रमशः )

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મરીચીની ભૂલ

શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર'

પ્રભુ આદિનાથ–ઋષભદેવનો સમય હતો. દેવાધિદેવ પ્રથમ તીર્થંકર શ્રી પ્રભુ વિરાજમાન હતા. પોતાનું ધર્મ--સંસ્થાપનાનું અને ધર્મોપદેશનું કાર્ય ચલાવી રહ્યા હતા. માનવ જાતે જુગલિયાપણું નિકટમાં જ છોડેલું હતું. જગતમાં ધારણા, પોષણા અને સ્થૈર્ય તેમજ સુસંઘટિતતા આણવાનું કાર્ય ચાલુ થએલું હતું. મહારાજા ભરત ચક્રવર્તી જેઓ પરમાત્મા ઋષભદેવના પુત્ર હતા, તેઓએ સમૂહજીવન અને રાજ્યરચનાનું કાર્ય શરૂ કરી દીધેલું હતું. લોકોને વિચાર કરી સુખી જીવન ગાળવાના પાઠો આપવામાં આવતા હતા. એવામાં ભરત ચક્રવર્તીના પુત્ર વૈરાગ્યના રંગે રંગાયા હતા. તેમનું નામ મરીચી. પોતાના પિતામહ ભગવાન ઋષભદેવના ઉપદેશની અસર તેમના જીવન ઉપર સારી પડી હતી. તેઓ વૈરાગ્યમાં માનતા હતા. વૈરાગ્ય અને કર્મ સંન્યાસની મૌલિકતા તેમને સમજાઇ હતી. તેઓ ત્યાગી જીવન ગાળતા હતા અને કોઈ ભક્ત કે સાધક તેમની પાસે આવતો તેને તેઓ વૈરાગ્યના રંગે રંગી દેતા. એકાદ મુમુક્ષુ સંન્યાસ દીક્ષા લેવા માગતો ત્યારે તેને તેઓ પ્રભુ ઋષભદેવ પાસે મોકલી આપતા. તેઓ વૈરાગ્યનું મહત્વ જાણતા હતા, તો પણ વૈરાગ્ય જીવન કઠોર રીતે પાળવામાં અસમર્થ હોવાને લીધે તેઓ સાચો ઉપદેશ આપવા છતાં કોઇને પોતે દીક્ષા આપતા નહીં. તેઓ જાણતા હતા કે, પોતામાં પૂરું સામર્થ્ય છે જ નહીં.

વખત વહેતો ગયો અને શિથિલતા શરીરમાં પેસતી ગઇ. તબીયત નરમ રહેવા માંડી. સુખસગવડો અનેક રીતે કરવામાં આવી. માથે છત્રી, પગમાં ચાખંડી અને શરીર આચ્છાદન માટે આવરણો વિગેરે અનેક સાધનો પોતાની પાસે રાખવા માંડ્યા એટલું જ નહીં પણ પોતાની સેવા કરવા માટે એકાદ શિષ્ય હોય તો સારું, એવી લાલસા જાગી. થોડી પણ શિથિલતા આવતા મોહરાજા કેવું કાર્ય કરી જાય છે એ જોવાનો એ પ્રસંગ છે. એક મુમુક્ષુ એમની પાસે આવ્યો. તેનું નામ કપિલ. એને ઉપદેશ આપવા પછી મરીચીએ તેને પ્રભુ ઋષભદેવ પાસે દીક્ષા લેવા માટે જવાનું કહ્યું. કર્મરાજાએ પોતાના સૈન્યનો ઘેરો નાખ્યો અને હંમેશની માફક જીત મેળવી. કપિલે પૂછ્યું: ભગવન્, તમે ભગવાન ઋષભદેવ પાસે જવાનું મને કહો છો ત્યારે શું તમે પોતે ગુરુ નથી? શું તમારી પાસે ધર્મ નથી? શું એકલા ભગવાન જ ધર્મ જાણે છે? તમો તો મને પ્રત્યક્ષ ભગવાન જેવા જ જણાઓ છો. ત્યારે મને ત્યાં કેમ મોકલો છો? તમારા ઉપદેશથી મને વૈરાગ્ય ઉદ્‌ભવ્યો છે, તેથી તમારી જ સેવા કરવી એવું મને લાગે છે. આજ્ઞા કરો તો હું તમારી જ સેવા કરું. તમારો શિષ્ય થાઉં. મરીચીના મન ઉપર તેની ઊંડી છાપ પડી. વિચારના વમળમાં તેઓ ગુંથાયા. મનોમંથન ચાલ્યું. દ્રવ્ય મન કહે 'રાખી લેને, ઘર બેઠા શિષ્ય મળે છે. સેવા કરશે અને થતી અડચણ દૂર થશે.' ત્યારે ભાવ મન કહેવા માંડ્યું. 'એ ભૂલ થાય છે. તૂં પૂર્ણ રીતે સાચો ધર્મ પાળી શકતો નથી. તારામાં ઘણી ખામીઓ છે, માટે અવિચાર છોડી દે. અને કપિલને પ્રભુ પાસે મોકલી આપ' એવી રીતે સંઘર્ષ ચાલ્યો, ઘણો ઊહાપોહ થયો અને હંમેશ બને છે તેમ દ્રવ્ય મનનો જ જય ડંકો વાગ્યો. પ્રભુ પાસે ધર્મ નથી અને હૂં જ ધર્મ જાણું છું. એવું તો મરીચીથી ન જ બોલાયું. એટલો વિચાર તો એની પાસે હતો જ. ત્યારે એ બોલી ગયા કે, ભો કપિલ! પ્રભુ પાસે ધર્મ છે એમાં શંકા નથી. તેમ મારી પાસે સર્વથા ધર્મ નથી એમ તો ન જ કહેવાય. હું પણ ધર્મ તો જાણું છું જ. તારી ભક્તિ મારા ઉપર ચોંટી હોય તો તું ભલે મારી પાસે રહે



For Private And Personal Use Only

અને ધર્મનું આરાધન કર, મારી પાસે સર્વથા ધર્મ છે, એવી તદ્દન અસત્યવાણી તો તેઓ બોલી શક્યા નહીં. પણ થોડું આમ ને થોડું તેમ હસુપસુ અર્ધસત્ય અને એકદમ જૂઠું મરીચી બોલ્યા નહીં. સંશયાસ્પદ મિશ્રિત વચન તેમના મુખથી ખરી પડ્યું.

થવાનું હતું તેજ થયું. મોહરાજાએ પોતાના પાશ ખુબ જોરથી કસી લીધા, મરીચી શુદ્ધ અને નિર્ભેળ સત્યથી પાછા હટ્યા. અને મુક્તિના માર્ગમાં કરોડો વર્ષથી પણ ઓળંગી ન શકાય એવો ખાડો નિર્માણ કરી મૂક્યો. હે મોહરાજા! ધન્ય છે તને! તું ભલભલાને કેવી રીતે છેતરે છે અને કેવા કેવા કર્મના પર્વતો આ જીવની સામે ખડા કરે છે એનો આ નમૂનો છે. મરીચી આગળ યત્કિંચિત્ જણાતી ભૂલના બદલામાં કેટલો ઘોર સંસાર ખડો કરી મૂક્યો એ જોતાં મન મુગ્ધ થઈ જાય છે. છાતી દંગ થઈ જાય છે. એ મરીચીનો આત્મા કાંઈ જેવો તેવો ન હતો. અંતે એ ત્રૈલોક્યનાથ તીર્થંકર થવાનો હતો. તરણતારણ ધર્મસાર્થવાહ થવાનો હતો. ધર્મદિવાકર ચોવીસમો તીર્થંકર મહાવીર થવાનો હતો. એવો મહાન્ પરાક્રમી જગજ્જેતા વીર ધીર આત્મા મરીચીના શરીરમાં વાસ કરતો હતો. એ ભૂલીને ચાલે તેમ નથી. એવો આત્મા સાધારણ ભૂલ કરે અને એનું અતિ કઠોર ફળ નિપજે એ જોતાં આપણી સાન ઠેકાણે આવવી જોઈએ પણ એમ થતું નથી. એમાં મોહમહીવરનો જ જબરો હાથ કામ કરે છે એમાં શંકા નથી.

મરીચી એક મુમુક્ષુ આત્મા હતો. સાધક હતો, સત્ય શું છે એ જાણવાની એનામાં તાકાત હતી. એ કાંઈ હઠીલાઈ ન હતી. ફક્ત પોતાની અગવડો દૂર કરવા માટે એ સુખ–સગવડ શોધતો હતો. એ જોગ અનાયાસે મળી આવ્યો હતો, અને મરીચીને એ યોગ ઝડપી લેવાનું મન થયું અને એ માટે એણે મિશ્ર એવી અર્ધસત્ય ભાષા વાપરી પોતાનું કાર્ય સાધ્ય કરી લીધું. એમાં પ્રભુ આદીશ્વર ભગવંતના ધર્મને ખોટો ઠરાવવાની મહત્વાકાંક્ષા ન હતી. કોઈ જાતની હઠીલાઈ ન હતી. એવી એ નહીંવત્ જણાતી ભૂલ કેટલો અનર્થ નિર્માણ કરી મૂકે છે એ વિચારવા જેવો પ્રશ્ન છે.

એવી અસંગત ભાષા બોલી જવાથી શું અનર્થ થઈ જવાનો હતો? એ ભાષામાં એવું કયું સામર્થ્ય હતું કે જેથી સત્યધર્મને આંચકો લાગી જાય? એ ભાષામાં કયો સિદ્ધાંત આવી ગયો હતો કે જેથી નવી પરંપરા નિર્માણ થાય? એ તો મરીચીનો અંગત પ્રશ્ન હતો, એમાં બીજાનો કયો સંબંધ આવ્યો હતો? આવા અનેક પ્રશ્ન એની પાછળ ઊભા થાય છે. અને પ્રથમ દર્શને એ સામાન્ય જણાતા દોષની સજા અનેક ભવોમાં કરોડો વરસો સુધી પરિભ્રમણ કરવાની શા માટે હોય એ ધ્યાનમાં આવતું નથી. એક મનુષ્ય ચોરી કરે છે અને એક બે વર્ષની આકરી સજા ભોગવી તરત જ ઘર ભેગો થઈ જાય છે ત્યારે એ મિશ્ર ભાષાની સજા આટલી આકરી કેમ? એનો આપણે વિચાર કરવો જોઈએ.

જ્યારે એકાદ માણસ નાની સરખી ચોરી કરે છે અને એ લોકોના જાણવામાં આવે છે ત્યારે એ માણસ તરફ તિરસ્કારની લાગણી લોકોમાં ફેલાય છે અને એનો કોઈ વિશ્વાસ કરતું નથી. બધા એની સામે આંગળી ચીંધી એને નાલાયક તરીકે ઓળખવા માંડે છે. એનો કોઈ વિશ્વાસ કરતું નથી. પરિણામે એ પ્રાથમિક ચોર ધીમે ધીમે પરિસ્થિતિ ઓળખે છે અને ધીમે ધીમે એ રીઢો અને નિર્લજ્જ બનતો જાય છે. લોકો કોઈ રીતે આપણો વિશ્વાસ કરવાના નથી એમ જાણી એ વધુ ને વધુ પાકો ચોર બનતો જાય છે. એ પરિસ્થિતિનો અંત ક્યારે આવે? એકાદ કપરો પ્રસંગ નિર્માણ થાય અને દૈવયોગે કોઈ પાકા ગુરુનો જોગ આવી મળે અને એના મન ઉપર સચોટ અસર થઈ જાય તો જ કાંઈક સીધો માર્ગ એના હાથમાં આવી જવાનો સંભવ છે. નહીં તો એ નાનો સરખો ચોર ડાકુ જ થવાનો અને છેવટ બહારવટીઓ બની જવાનો એમાં શંકા નથી.

મરીચીને એક સેવક મળી ગયો. પરિશ્રમ કરી આહારપાણી મેળવવાની કડાકૂટ મટી. વધુ ને વધુ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુખ સગવડો મળવા માંડી. અને પોતે જે કર્યું એ ખોટું તો ન જ હતું, એમ મનને સંતોષ મળ્યો. પોતાની મિશ્ર ભાષા માટે જે ડંખ હતો તે ધીમે ધીમે ઓછો થઇ ગયો. તેની તીવ્રતા બૂઠી થઈ ગઈ, અને પોતે જે માર્ગ લીધો તે શું ખોટો છે? એવો આત્મવિશ્વાસ જન્મવા માંડ્યો. ધર્મની ચિનગારી નિસ્તેજ થવા માંડી અને અંતે બુઝાઇ પણ ગઈ.

હવે તો મરીચી પદવીધર ગુરુમહારાજ બની ગયા હતા. હવે તો એમને શિષ્ય મળી ગયો હતો. પહેલા કોઇને પણ દીક્ષા લેવા માટે પ્રભુ આદીશ્વર તરફ મોકલતા હતા. હવે તે કેમ બને? જે મોઢે કહેતા હતા કે, ધર્મદીક્ષા પ્રભુ ઋષભદેવ જ આપી શકે તે જ મોઢે 'મારી પાસે શુદ્ધ સનાતન નિર્ભેળ ધર્મ નથી' એમ શી રીતે કહે? પોતાના અસત્ય અને મિશ્ર વિધાનને જ વળગી રહેવામાં જ મરીચીને શોભા જણાઇ. શિષ્યની સામે જ 'પોતાનો ધર્મ નકલી છે, સાચો નથી' એમ કહેવાય? ત્યારે પોતાના જ આચરિત માર્ગને જ વળગી રહેવાનું મન થયું. અને એવી રીતે અસત્ય વિચારોની પરંપરા વધતી ચાલી. જ્યારે એવા ખોટા વિચારોની પરંપરા વધે ત્યારે ભવપરંપરાની સજામાં વધારો થતો રહે એમાં આશ્ચર્ય પણ શું છે?

જેવું બીજ હોય તેવો જ અંકુર ઊગે એ સ્વયં-સિદ્ધ વસ્તુ છે. ગુરુ થયા તેથી શિષ્ય તો વધી જ જવાનો ને! ગુરુ મરીચી તો ભગવાન ઋષભદેવને ધર્મગુરુ માનતા હતા, પણ હવે તેમ માનવાની શિષ્યને શી જરૂર રહી? શિષ્ય પ્રભુ ઋષભદેવને પરકીય માને એમાં આશ્ચર્ય શું? પણ શિષ્યના આ વિચાર-પરિવર્તનની અને અસત્ય માર્ગે જવાની જવાબદારી કોની ઉપર? એ બધી પરંપરાની જવાબદારી અને અનર્થનું કારણ બતાવવા માટે મરીચી તરફ જ અંગુલીનિર્દેશ કરવો પડશે. એટલું જ નહી પણ એ ખોટા વિચારો જેટલા પ્રમાણમાં ફેલાતા રહ્યા અને એની અવિરત પરંપરા ચાલી એની આખી જવાબ-દારી પણ મરીચીને માથે આવી ઊભી રહી અને પરિણામે કરોડો વર્ષની સંસારપરિભ્રમણની સજા મરીચીને માથે આવી પડે એમાં આશ્ચર્ય માનવાનું કાંઇ કારણ નથી. એક નાની સરખી નહીંવત્ જણાતી ચિનગારીની કેવડી પ્રચંડ જ્વાલા! એ જ્વાલાઓમાં કેટલા સુવિચાર ભસ્મીભૂત થઇ ગયા!

આ કથાભાગથી આપણે શું જાણ્યું? આપણા હાથે એવી એકાદ ભૂલ થાય છે કે? શાંત ચિત્તે પોતાના મન સાથે જરા એકાંતમાં એકાગ્ર ચિત્તે વિચાર કરતાં આપણી નજર સામે કેવા દૃશ્યો ખડા થાય છે? એવી ભૂલો તો આપણે ડગલે ને પગલે કરતા રહીએ છીએ એવો બિહામણો વિચાર આપણા મનમાં નથી આવતો? વેપારમાં અને લેવડદેવડમાં, સાંસારિક સગપણોમાં અને સગાસંબંધીઓમાં, બજારમાં અને ઓફિસોમાં અતિરિક્તતા અને ગૌણતા, સત્ય સાથે અસત્યની ભેળસેળ, કલહ અને વિગ્રહમાં, કોર્ટમાં ને મહાજનમાં આપણે બધું જ નિર્ભેળ અને સત્ય ઉચ્ચરીએ છીએ? બીજે તો ભલે પણ ધર્મ-સ્થાનોમાં પણ આપણે સંપૂર્ણ ન્યાયપૂર્વકનું વર્તન રાખીએ છીએ? અરે શાસ્ત્રશ્રવણમાં પણ આપણે સાચો જીકાર આપીએ છીએ? મહારાજ સાહેબને ખોટું ન લાગે અને એમનું બહુમાન ઘવાય નહી તે માટે આપણે અનિચ્છાએ પણ હકારમાં નથી ભળી જતા?

કુદરતમાં મરીચીના આત્મા માટે અને આપણા આત્મા માટે જુદા તોલ ને માપ રાખવામાં આવ્યા હશે? શું આપણે જેમ કોર્ટ ને અદાલતોમાં કરીએ છીએ તેમ લાગવગ અગર રૂશ્વતખોરી આપણા માટે ચલાવી શકીશું? ના, ના અને ત્રણ વાર ના! કુદ-રતનો ન્યાય તો અણુમાત્ર વધારે કે ઓછો તોલવાનો નથી જ. એ ત્રણે કાળમાં નિર્ઘૃણ સત્ય જ રહેવાનો છે; માટે આ મરીચીના પ્રસંગ ઉપરથી આપણે થોડી પણ સાવચેતી મેળવીશું તો આપણે અલ્પ પણ બચાવ કરી શકીશું, એ ધ્યાનમાં રાખી આપણે વખતસર જાગૃત થવું એ આપણું કર્તવ્ય છે. અમારા વાંચકોને એ સદ્બુદ્ધિ સાંપડે એ સદિચ્છાથી વિરમીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વૃદ્ધવાદી ઉર્ફે દીર્ઘદર્શી ગુરુ

(૧)

લેખક : શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

પ્રહ્લાદજી, રામજીએ ગેરહાજરી નોંધાવી આપણી બાજી બગાડી નાંખી, જો પાછા ફરવાનું બની શકે તેવું ન હોય તો આપણને ખબર તો કરવી જોઈએ ને?

રાજસભામાં જવાની ઘડીઓ ગણાઈ રહી છે. મહારાજશ્રી તૈયાર થઈ આપણી રાહ જોતાં હશે. તેઓની એક પળ પણ કીંમતી હોય છે જ્યારે આપણને રામજીની રાહ જોવામાં પંદર પળ તો વીતી ચૂકી, આજે ઠપકાપાત્ર થવું પડશે.

ખડકસિંહજી, બની એ ન બની થનાર નથી. તમો અને શંકરજી મળી શિબિકા તૈયાર રાખો. હું ગલીના નાકેથી એકાદ મજૂરને પકડી લાવું છું. શિબિકા ઉચકવામાં કંઈ ભારે ધાડ મારવાની છે કે જેથી રામજી ન આવ્યો તો આપણું કામ અટકી પડે! હરકોઈ મજૂરને ખભો દેતાં તો આવડે જ, એમાં શિખવાનું શું છે?

ખડકસિંહ–તો પ્રહ્લાદ જલ્દી જા.

અરે, એકાદને પકડી લાવ્યો એમ સમજી લો, એમ બોલતો પ્રહ્લાદજી આગળ વધ્યો અને જોતજોતામાં એકાદ ડોસા જેવા આદમીને બોલાવી લાવ્યો. શિબિકા ચાર જણના ખંધે ચઢી અને ક્ષપણકજીની વસતીમાં આવી ખડી થઈ.

મહારાજ તો તૈયાર જ હતા. શિબિકામાં બેઠક લેતાં ખડકસિંહને ઉદ્દેશી બોલ્યા–નાયક, આજે તમો મોડા થયા છો. રાજદરબારના કાર્યો વિલક્ષણ ગણાય છે. એમાં સમયની બેદરકારી વ્યાજબી ન ગણાય. એવો પ્રમાદ કોઈક પ્રસંગમાં ભારે હાનિકારક નિવડે.

બાપજી! આપની વાત ખરી છે, અમારા એક સાથીદારના ભરોસાએ થાપ ખવડાવી.

બજાર–માર્ગ આવતાં જ નવા આવેલ ડોસાએ જાણે શિબિકા ઉચકતાં ભાર ન લાગ્યો હોય તેમ પોતાનો ખંભો ઊંચોનીચો કરવા માંડ્યો. એટલે શિબિકા ઊંચી–નીચી થઈ ડોલવા લાગી. આમ વારંવાર બનતું જોઈ મહારાજની નજર એ વૃદ્ધ તરફ મંડાણી

વિદ્વત્તાના સાગર એવા તેઓશ્રી બોલી ઉઠ્યા:–

**भूरि भारभराक्रान्ते स्कंधोऽयं तव बाधति ?**

અરે, શિબિકાના અતિભારથી તારા ખભાને બાધા પહોંચે છે?

ત્યાં તો સૌ કોઈની અજાયબી વચ્ચે એ ડોસાએ કહ્યું:–

**न तथा बाधते स्कंधो, 'बाधति' बाधते यथा.**

તમારો 'બાધતિ' પ્રયોગ મને જેટલી બાધા પહોંચાડે છે એટલી બાધા શિબિકાના ભારે મારા ખભાને પહોંચાડી નથી.

આ સાંભળતાં જ જાણે એકાએક વિજળી પડી હોય તેમ શિબિકારૂઢ મહારાજ ચોંકી ઉઠ્યા! મનોપ્રદેશમાં નાદ ઉઠ્યો કે આ ડોકરાએ મારા જેવા પંડિતને કાન પકડાવ્યો. મારો 'બાધતિ' પ્રયોગ અવશ્ય ભૂલભર્યો છે. મારાથી ઉતાવળે એ થઈ ગયો પણ એ જણાવવાની તાકાત આ મજૂરમાં ન જ હોઈ શકે. એ જરઠ કોઈ સામાન્ય વ્યક્તિ નથી. શિબિકા થોભાવી તરત જ ક્ષપણકજી નીચે ઉતરી પડ્યા, અને વૃદ્ધના ચહેરા પ્રતિ મીટ મંડાતા જ, તેમના ચરણમાં નમી પડતાં બોલી ઉઠ્યા.

ગુરુદેવ! આપ આ વેશમાં! જઈફ વયે આ પરિશ્રમ!! મારા મનમાં તો આપ બોલ્યા ત્યારે જ અવાજ ઉઠેલો કે મારા ગુરુમહારાજ સિવાય મારી ભૂલ શોધનાર ભાગ્યે જ કોઈ હોઈ શકે! મારા અહોભાગ્ય છે કે આપના દર્શનનો આ રીતે યોગ સાંપડ્યો. પધારો વસતીમાં.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખડકસિંહ! શિબિકા પાછી લઇ જાવ.

ઉપર વર્ણવ્યો પ્રસંગ સુપ્રસિદ્ધ અને જૂદાજૂદા ધર્મોના તીર્થધામોથી શોભતી, તેમજ વિદ્વાનોના પ્રભાવથી અલંકૃત બનેલી ઉજ્જૈનની ઉર્ફે અવંતી નામા પ્રાચીન પુરીમાં વિચરી, ચિતોડ થઇ, જ્યારે કુમારપુરમાં આવ્યા ત્યારે એ વેળા અવંતીના રાજ્ય-સિંહાસન ઉપર પરદુઃખભંજન અને જાતજાતની તાંત્રિક વિદ્યાઓથી પ્રસિદ્ધ પામેલ મહારાજા વિક્રમ વિરાજતા હતા. જે ક્ષપણકની વાત કહેવામાં આવી છે તે અન્ય કોઇ નહીં પણ આગળ આપણે મહા-પંડિત તરીકે પિછાની ચૂકયા છીએ તે સિદ્ધસેનજી પોતે છે અને શિબિકામાંથી ઉતરી, જે જરઠના પગમાં તેઓ પડ્યા તે તેમના ગુરુપદે શોભતા વૃદ્ધવાદી સૂરિ-મહારાજ છે. છેલ્લા એ ઉભયને ભરૂચમાં જોયા પછી વર્ષોના વહાણા વાયા છે. એ દરમીયાન જે કેટલાક નોંધનીય બનાવો બની ગયા છે એની ઊડતી મુલાકાત લઇ આગળ વધીએ તો કથાપ્રસંગ પર ઠીક પ્રકાશ પડશે.

ગોવાળોની સભાના વિવાદ પછી ઉભય વસ્તીમાં આવ્યા. વૃદ્ધવાદીએ રાજ્યસભામાં–પંડિતોની હાજરી-માં–પંડિત એવા સિદ્ધસેન સાથે સંખ્યાબંધ વિષયો ઉપર પોતાના મંતવ્યો રજૂ કર્યા. સિદ્ધસેનનું મન તો ભાગોળેથી જ આચાર્યશ્રીના શિષ્ય તરીકે દીક્ષિત થઇ જવાનું હતું જ, એમાં **અનેકાંતદર્શનની,** તેઓશ્રીના મુખે યુક્તિપૂર્ણ વ્યાખ્યાઓ શ્રવણ કરી, એટલે વિશેષ પ્રભાવિત થયું, અને અંતરના ઉમળકાથી ભાગવતી દીક્ષાનો સ્વીકાર કર્યો. પંડિતનો સ્વાંગ તજી દઇ, તેઓ **સિદ્ધસેન** સાધુના વેશમાં ગુરુમહારાજ સાથે જૂદા જૂદા પ્રદેશમાં વિચરવા લાગ્યા. જૈનદર્શનના ઉમદા અને ઉદાર તત્ત્વોના જ્ઞાતા થયા. તેઓ ચૌદ વિદ્યાના પારગામીરૂપે મશહૂર તો હતા જ, ન્યાયના વિષયમાં તો લબ્ધપ્રતિષ્ઠિત કહીએ તો એમાં અતિશયોક્તિ ન ગણાય, એમાં સરસ્વતી-પ્રસન્ન ગુરુનો યોગ સાંપડયો 'હીરો તો હતો અને કુંદનમાં જડાયો.' અલ્પ સમયમાં તેમણે **જૈનદર્શનનો** અભ્યાસ એવી તો સુંદર ને સચોટ રીતે કરી નાખ્યો કે આચાર્યશ્રીએ પોતાના વરદહસ્તે સંઘ સમક્ષ તેમને સૂરિપદથી અલંકૃત કર્યા અને વિશેષમાં **દિવાકર** અર્થાત્ સૂર્યના વિશેષણથી નવાજ્યા. એ દિવસથી તેઓ **સિદ્ધસેનદિવાકરરૂપે** પ્રસિદ્ધ થયા.

એ પછી શ્રી **સિદ્ધસેન**સૂરિ વિહારમાં આગળ વધતાં અવંતી નગરીમાં પધાર્યા, વૃદ્ધગુરુ મહારાજ લાંબો વિહાર કરી શકે તેમ ન હોવાથી તેઓ ધીમી ગતિએ પાછળ આવતા હતા. અવંતીમાં એક વેળા **મહારાજા વિક્રમ હાથી** પર બેસી, રાજમાર્ગેથી નીકળી, ઉદ્યાન તરફ આગળ વધી રહ્યા હતા, અને સામેથી **સિદ્ધસેનજી** આવી રહ્યા હતા. રાજવીએ એક સમયના, પોતાની રાજસભાના આ મહાપંડિતને પિછાની લીધા અને મનમાં વિચાર્યું કે જૈનસાધુ સર્વજ્ઞપુત્ર કહેવાય છે તો આજે તેમની પરીક્ષા કરું. હાથ જોડયા વગર કેવળ મનથી જ નમસ્કાર કર્યા. સૂરિમહારાજ તો વિદ્યાસિદ્ધ બની ચૂકયા હતા. વૃદ્ધ-સૂરિના પાસા સેવીને પોતાના જ્ઞાનમાં સારો વધારો કરી ચૂકયા હતા. તેમનાથી રાજવીનો નમસ્કાર અજાણ્યો ન રહ્યો, તરત જ તેઓશ્રીએ મોટા સ્વરે **ધર્મલાભ** ઉચ્ચાર્યો. મહારાજા વિસ્મય પામી બોલ્યા: મહારાજ મેં તો આપને કંઇ વંદના કરી નથી તો પછી આપે ધર્મલાભ કેમ આપ્યો?

રાજન્! ક્રોડ ચિંતામણી રત્નોથી પણ અધિક જેનો પ્રભાવ છે એ **ધર્મલાભ**રૂપ આશીર્વાદ, મને જેણે મનથી નમસ્કાર કર્યો છે એવા આત્માને મારે આપવો, એ મારી ધાર્મિક ફરજ છે. દીર્ઘાયુ થવાનો આશીર્વાદ આપવો એમાં મારી નજરે કંઇ લાભ નથી, કેમકે નરકમાં વસનાર જીવો લાંબા આયુષ્યવાળા હોય છે, પુત્રવાન્ થવાનું કહેવું એ પણ કોઇ ખાસ પ્રશંસા-પાત્ર નથી, કેમકે કાચબાને ઘણી પ્રજા જન્મે છે! ઉભયમાં ઉપરછલ્લા લાભ સિવાય ઝાઝું કે કાયમી સુખ નથી જ, જ્યારે **ધર્મલાભ**રૂપ આશીર્વાદ તો આ ભવમાં સુખદાયી હોઇ, પરભવમાં પણ કલ્યાણકારી છે.

આચાર્યશ્રી હું આપની વિદ્વત્તાથી આકર્ષિત થયેલો છું, એમાં આપ **સર્વજ્ઞપુત્ર** સાચી રીતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બન્યા એથી મારા આનંદમાં વૃદ્ધિ થાય છે. ક્ષપણુક-રૂપ પણ આપ મારી સભાના એક રત્નરૂપ છો, આપના ચરણમાં આ કોટિદ્રવ્ય ધરું છું. આપ એનો સ્વીકાર કરો એવી મારી પ્રાર્થના છે,

રાજન્! હવે હું પૂર્વનો પંડિત નથી રહ્યો. અકિંચન સાધુ બન્યો છું. મારે એમાંની એક કોડી પણ ન ખપે. તારી દેવાની ઇચ્છા જ છે તો સંઘના આગેવાનોને એ સોંપી દે, કે જેના વડે તેઓ અરિહંત પ્રાસાદના જીર્ણોદ્ધાર કરાવશે.

થોડા દિવસો અવંતીમાં ગાળી, સૂરિમહારાજ વિચરતા ચિત્રકૂટ યાને ચિતોડ નગરે આવી પહોંચ્યા. અહીં તેઓએ ગઢ ઉપર એક પ્રાસાદ નજીક એક વિલક્ષણ સ્થંભ જોયો. લોકવાયકાથી જાણ્યું કે એમાં પૂર્વાચાર્યોની આમ્નાયવાળા ગ્રંથ રચાયેલ છે, એમાં જૂદી જૂદી જાતની વિદ્યાઓ સાધવાના ઉપાયો દર્શાવેલા છે, પણ કોઇથી એ સ્થંભ ખોલી શકાતો નથી. સૂરિમહારાજે પાણી તેમજ ઔષધિઓના પ્રયોગ કરી એના ઉપર કેવા પદાર્થોનો લેપ કરાયેલ છે તે જાણી લીધું અને પછી જૂદા પ્રકારની ઔષધિનું મિશ્રણ તૈયાર કરાવ્યું. એના છાંટણાથી સ્થંભ ઉઘાડયો તો ખરો પણ જ્યાં ગ્રંથનું એક પાનું કાઢી એ જોવા જાય છે ત્યાં પુનઃ સ્થંભ બંધ થઇ ગયો અને 'એટલાથી જ સંતોષ માનો' એવો ગેબી અવાજ પણ થયો!

લોકવાયકા ખોટી નહોતી. આચાર્યશ્રીએ એના ઉપર બે વિદ્યાઓ અંગેના પાઠ જોયા. એક સરસવ વિદ્યા–એના બળે જેટલા સરસવના દાણા મંત્રીને જળાશયમાં નાંખવામાં આવે તેટલા સૈનિકો એમાંથી પ્રગટ થાય, બીજી વિદ્યાદ્વારા જે ચૂર્ણ તૈયાર કરાય તેના મિશ્રણથી સુવર્ણ બનાવી શકાય.

આચાર્યશ્રી તો ચિતોડથી વિહાર કરી જ્યાં કુમાર-પુરના સિમાડામાં પગ મૂકે છે ત્યારે, ત્યાંના રાજવી દેવપાળે આવી, વંદન કરતાં જણાવ્યું કે–પડોશી નૃપે મારા શહેરનો મોટો પ્રદેશ એવી રીતે ઘેરી લીધો છે કે જેથી મારી પ્રજાને અતિશય હેરાન થવું પડે છે. એ ઘેરો વધુ દિવસ ચાલશે તો ભૂખે મરવાનો સમય આવશે, જ્યાં આ જાતના ભયની તલવાર શીર પર લટકતી હોય ત્યાં ધર્મકાર્યમાં સ્થિરતા કયાંથી સંભવે? પરોપકાર કરવો એ સંત–મહાત્માનો ધર્મ છે. આપ લબ્ધિવંત છો. કોઇ માર્ગ દેખાડી પ્રજાનું રક્ષણ કરો એવી મારી પ્રાર્થના છે.

દેવપાળ ભૂપતિની વાત સાંભળી સૂરિજીનું હૃદય દ્રવીભૂત થયું. તરત જ પેલી વાંચેલી વિદ્યાનો ઉપયોગ કરવાનો નિશ્ચય કર્યો, અને મંત્રબળથી સરસવનો પ્રયોગ કરી અશ્વારોહીઓ પેદા કર્યા–એની વિપુલ સંખ્યામાં આગળ વધતી કૂચ જોતાં જ ઘેરો નાંખેલા સૈન્યમાં ભંગાણ પડયું. દૈવીમાયાથી સર્જાયેલ આ દશ્ય જોતાંજ તેઓ ભય પામી ગયા અને જોતજોતામાં ઘેરો ઉઠાવી પોતાના સીમાડાની દિશામાં પલાયન થઇ ગયા!

આચાર્યશ્રીની વિદ્યાના આ ચમત્કારે રાજવીને **જૈનધર્મ**માં દ્રઢ શ્રદ્ધાવંત બનાવ્યો. તે એટલી હદે ગુરુમહારાજનો ભક્ત બન્યો કે દરરોજ આચાર્યશ્રીની વસતી( ઉપાશ્રય )માં સુખાસન યાને શિબિકા મોકલી તેઓને બહુમાનપૂર્વક પોતાની રાજસભામાં આમંત્રણ કરતો અને તેઓશ્રીના ચરણમાં બેસી ધર્મશ્રવણ કરતો. **યથા રાજા તથા પ્રજા** એ ન્યાયે બજારમા અને પ્રજામાં સૂરિજીની સ્તવના થવા લાગી. આ પણ એક રીતે ધર્મપ્રભાવના છે એમ અવધારી સિદ્ધસેન-જીએ એનો વિરોધ ન કર્યો. રોજના થઇ પડેલા આ કાર્યક્રમનો વૃત્તાન્ત જ્યારે ઘણા દિવસો પછી ગુરુ-મહારાજ વૃદ્ધવાદીના કાને પડ્યો ત્યારે તેઓશ્રીએ, આશ્ચર્ય અને દુઃખની લાગણી અનુભવી.

આવો વિદ્વાન્ શિષ્ય આ જાતના પ્રમાદમાં પડે અને છકાયના રક્ષકનો દાવો કરનાર એવા પોતાનાથી શું બની રહેલ છે એનો વિચાર સરખો ન કરે! ઉલટું એમાં પ્રભાવના માને! આ કલિકાળની જ બલિહારી! ભણેલા પણ ભીંત ભૂલે તે આ રીતે.

પોતે નિશ્ચય કરી લીધો કે જેનાદ્વારા ભવિષ્યમાં શાસનની મહાન્ પ્રભાવના થવાનો યોગ છે એવા આ વિદ્વાન્ શિષ્યને ઠપકો આપવો યોગ્ય નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'તેજી'તુખારને કદાપિ ચાબૂકનો પ્રહાર ન થાય.' એને માટે તો ચાબૂકની હવામાં વીંઝણ જ બસ થઇ પડે. આ પંડિત શિષ્યને પણ મારે માર્મિક ઉપાયથી શ્રમણધર્મના આચારમાં સ્થિર કરવો જોઇએ, તે પોતે શરમાઇ જાય એવી તરકીબ રચવી ઘટે. મોટા લાભની દ્રષ્ટિયે અલ્પ દોષનું સેવન જરૂરી જણાય છે. અનેકાંત દર્શનમાં અપેક્ષા અગ્રભાગ ભજવે છે.

પ્રારંભમાં જોઇ ગયા તેમ ગુરુમહારાજે ભૃત્યનો સ્વાંગ સજી સુખપાલ ઉપાડ્યું અને જ્યાં તક આવી કે શિષ્યની ભૂલ ઝડપી લીધી. વસતીમાં પહોંચતાં જ સિદ્ધસેનજી અતિશય લજ્જાવંત બની ગયા ને ગુરુ-મહારાજના પગમાં પડી ક્ષમા પ્રાર્થી રહ્યા.

વૃદ્ધવાદી, તેમના શીરને ઊંચુ કરી બોલ્યા. વત્સ, તારો દોષ નથી, વિષમકાળનો પ્રભાવ છે. તેમ ન હોય તો તારા સરખો વિદ્વાન્ આવી નજીવી ભૂલ કરે ખરો? અરે પ્રમાદમાં પડે ખરો? જેણે પદવીઓને લાત મારી તેને સુખપાલનો મોહ કેમ ચોંટે?

દિવાકરજી गतं न शोचामि ' કરી ભાવી માર્ગ સુધારી લ્યો. 'સો ગળણે ગળીને પાણી પીવો.' એ ઘરડાની કહેવત લક્ષ્યમાં રાખી ઉતાવળા ન થતાં વસ્તુનો વિચાર કરી ઠંડકથી ઉચ્ચાર કરવાની ટેવ પાડો. છકાયના રક્ષકને આ જાતના સમારંભ ન શોભે. વિદ્યાનું જાણપણું જરૂરી છે પણ એનો ઉપયોગ કરતાં પૂર્વે પૂર્ણ વિચાર પણ જરૂરી છે. સામાન્ય પ્રસંગમાં એ વપરાય. મારી સલાહ છે કે એ પાનું ભંડારી દઇ, સદાને માટે એનાથી હાથ ધોઇ નાંખો.

ગુરુદેવ! આજ્ઞા શીરોમાન્ય છે. મારાથી પુનઃ આવો પ્રમાદ ન થાય એવા આશીર્વાદ આપો.

વત્સ! તને દિવાકર અમસ્થો નથી કહ્યો. મારું અંતર કહે છે કે મારા કરતાં સવાયો થઇ તું જૈન શાસનનો મહાન્ દીપક બનીશ. (ચાલુ)

# શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ : વીશમું અધિવેશન

ગત તા. ૨૯, ૩૦ મી જુન તથા ૧ લી જુલાઇ, વિ. સં. ૨૦૧૩ ના અશાડ શુદ ૨, ૩, ૪. શનિ, રવિ અને સોમવારના દિવસોમાં શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરંસનું વીશમું અધિવેશન મુંબઈખાતે મમાદેવીના તળાવ(મેદાન)ના વિશાળ પટાંગણમાં મળ્યું હતું, જે સમયે પ્રેક્ષકો તેમ જ પ્રતિનિધિઓએ સારા પ્રમાણમાં હાજરી આપી અધિવેશનને સફળ બનાવ્યું હતું.

અત્રે કોન્ફરંસના આ અધિવેશને પસાર કરેલા બાર ઠરાવો અક્ષરશ: મુદ્રિત કરવામાં આવ્યા છે તેમ જ સ્વાગત પ્રમુખ શ્રી હરખચંદ વીરચંદ ગાંધી, ઉદ્‌ઘાટન પ્રમુખ શ્રી મેઘજીભાઈ પેથરાજ શાહ તથા અધિવેશનના વરાયેલા પ્રમુખ કલકત્તાનિવાસી શ્રી મોહનલાલ લલ્લુભાઈ શાહના ભાષણનો અગત્યનો સારભાગ જ આપવામાં આવ્યો છે.

સ્વાગત પ્રમુખ શ્રીયુત હરખચંદ વીરચંદ ગાંધીએ જણાવ્યું કે:-

આપણા પ્રશ્નોને મુખ્ય બે વિભાગમાં વહેંચી શકાય (૧) ધાર્મિક અને (૨) સામાજિક. ધાર્મિક પ્રશ્નોનું નિરાકરણ લાવવાનું કાર્ય મોટે ભાગે આપણા પૂજ્ય મુનિવર્યો પર અવલંબે છે, અને સામાજિક પ્રશ્નો માટે આપણો શ્રાવકવર્ગ જવાબદાર લેખાય; પરંતુ ખરી રીતે આ બંને પ્રકારના પ્રશ્નોનો સાથે જ વિચાર કરવો જરૂરી છે. ધર્મ અને સમાજ ભિન્ન વસ્તુ નથી. બંને એકબીજા સાથે તાણાવાણાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમ વણાએલાં છે, અને બંનેના સમન્વયમાં જ એકબીજાનું હિત રહેલું છે.

આજે આર્થિક ભીંસ એવી છે કે-બાળ બચ્ચાઓને કેળવણી આપવી બાજુ પર રહી પરન્તુ ભરણ-પોષણ માટે પણ કટોકટીભરી પરિસ્થિતિ પ્રવર્તે છે. ધનિકવર્ગને પણ ખાતરી થઇ ગઈ છે કે હવે તેમનું ધન લાંબો સમય ટકવાનું નથી અને આ રીતે એક વિકટ સમસ્યા ઊભી થઇ છે.

## આર્થિક પરિસ્થિતિ કેમ સુધરે?

આર્થિક પરિસ્થિતિ સુધારવાના બે ઉપાયો યોગ્ય લાગે છે. એક તો આપણી પાસે હાલ જે સ્થાવર અને જંગમ મિલકત છે તેનો એવી રીતે ઉપયોગ કરવો કે જેથી દિવસે દિવસે તેમાં ઘટ નહિ પણ વૃદ્ધિ થાય. આપણાં અનેક સામાજિક ટ્રસ્ટોનું જે ધન છે અને આપણા ધનિકો ઉદાર દિલે જે સખાવતો કરે તેનો ઉપયોગ કેળવણીની અને વૈદકીય રાહત આપનારી સંસ્થાઓ ઊભી કરવામાં, આરોગ્યગૃહો બાંધવામાં, રહેવા માટેનાં સસ્તા ભાડાનાં મકાનો બાંધવામાં, નાના પાયા પરના ઉદ્યમ કરવાની ઇચ્છા ધરાવનારને લોનો આપવામાં અને જૈન સાહિત્યનો પ્રચાર કરવામાં થવો જોઇએ. દેશમાં તેમજ પરદેશમાં જઇ કેળવણી પામેલો વર્ગ માત્ર સામાજિક કાર્યોમાં નહિ પણ રાજકીય ક્ષેત્રમાં પણ આગળ આવશે. મોટા પાયા પરનાં મકાનો બાંધવાથી નિરાધારને આધાર મળશે, એટલું જ નહિ પણ એક પ્રકારની કાયમની આવક થશે. નાના પાયા પરના અને હાથ-કારીગરીના ઉદ્યમો કરનાર પોતાની રોજી સહેલાઈથી મેળવી શકશે અને લોન પાછી વાળવાની સ્થિતિ પ્રાપ્ત કરશે. જૈન સાહિત્યનો ગુજરાતી, હિંદી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં પ્રચાર કરવાથી તેનું પ્રકાશનકાર્ય લાભદાયી નીવડશે. આ અને આવાં કાર્યોમાં આપણું સામાજિક દ્રવ્ય રોકવાથી અવશ્ય લાભ થશે એ નિઃશંક છે.

બીજો ઉપાય આપણી શક્તિ અને બુદ્ધિનો સદુપયોગ કરવાનો છે. એટલે કે આપણે સ્વાશ્રયી અને સ્વાવલંબી બનવાની જરૂર છે. એક વ્યક્તિ કમાય અને તેના પર બીજી દશ વ્યકિતનું પોષણ થાય એ પરિસ્થિતિ હવે લાંબો સમય ટકવાની નથી, માટે જેના હાથપગ અને મન સાબૂત છે તેણે કોઇ પણ પ્રકારની શારીરિક તેમજ માનસિક મહેનત કરવામાં શરમ રાખવી જોઇએ નહિ. શ્રમ કરવાથી આર્થિક લાભ થશે એટલું જ નહિ, પણ સ્વાસ્થ્ય પણ સારી રીતે જળવાઇ રહેશે.

## સામાજિક રીતરિવાજો

આ સાથે એ પણ વિચારવાનું કે આવકનું પ્રમાણ ઘટવા છતાં આપણા ખર્ચના પ્રમાણમાં કશો ફેર પડતો નથી; જેને પરિણામે કોઇવાર ગંભીર પરિસ્થિતિ સર્જાય છે. ખર્ચનું પ્રમાણુ હંમેશાં આવકના પ્રમાણમાં હોવું જોઇએ એટલું જ નહિ પણ ખર્ચ કરતાં બચાવની ભાવના વિશેષ હોવી જોઇએ. સામાજિક રીતરિવાજો, લગ્નો, રૂઢિઓ વગેરે કારણોને લીધે થતા બિનજરૂરી આડંબરભર્યા ખોટા ખર્ચા બંધ કરવા જોઇએ અને તે પૈસાનો ઉપયોગ ઉપર બતાવ્યાં એવાં કંઇ ને કંઇ રચનાત્મક કાર્યોમાં થવો જોઇએ.

આપણે ધર્મને ધર્મ તરીકે ભૂલી જઇ શકીએ નહિ. જૈનધર્મ ભૌતિક સમૃદ્ધિ કરતાં આધ્યાત્મિક સમૃદ્ધિને વિશેષ મહત્ત્વ આપે છે. ક્ષણભંગુર જીવન કરતાં અમર આત્માના વિકાસમાં તેને જ્ઞાનની પરાકાષ્ઠા દિસે છે. માત્ર માનવજીવો નહિ પણ સમસ્ત વિશ્વના જીવોની શાંતિ માટે માર્ગો શોધવાની તેની ઝંખના છે. માત્ર એક સમાજ કે રાષ્ટ્ર નહિ, પણ સમગ્ર જગત સુખનો અનુભવ કરે એવી એની અભીપ્સા છે; પરંતુ એ એક દુઃખદ હકીકત છે કે આપણો ધર્મ અને આપણો સમાજ દિનપ્રતિદિન એકબીજાથી વેગળાં થતાં જાય છે. સમાજમાં એવા કેટલા જૈનો અને ખાસ કરીને યુવાન જૈનો હશે, જેઓ ધર્મના મૂળભૂત સિદ્ધાંતો વિશે થોડુંક પણ જ્ઞાન ધરાવતા હોય? જ્યાં સુધી ધર્મના આંતરિક હાર્દને સમજવામાં ન આવે ત્યાંસુધી સર્વ બાહ્ય દેખાવો નિરર્થક છે.

## સંગઠન

કોઇપણ કાર્યની સિદ્ધિ માટે સંગઠન આવશ્યક છે. નાની યા મોટી દરેક સંસ્થા માટે સંગઠનની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જરૂર છે. જૈનસમાજ માટે એક કોન્ફરન્સ જ એવી સંસ્થા છે કે જેની વ્યાસપીઠ પર સૌ એકત્ર થઇ સમાજોત્કર્ષ અંગે વિચારણા કરી શકે, સંગઠનના અભાવે સમાજના નભમંડળ પર અનેક ભયો ઝઝૂમતા જણાય છે. કોઇક વખત એકાદ ગ્રામપંચાયત–અપવાદરૂપ કાયદાથી અપાયેલા અધિકારની રૂએ–આપણા ધર્મ અને તીર્થસ્થાનોની યાત્રા બંધ કરવા પ્રેરાય છે તો કોઇક સમયે એકાદ સંસદ કે વિધાનસભ્ય આપણા પૂજ્ય મુનિરાજોને લાઈસન્સ, પરમીટ કે પાસ આપી એક સામાન્ય માનવીની પણ નીચી કક્ષા ઉપર લઇ જવા બંધનો મૂકવા અચકાતા નથી. ટ્રસ્ટોના દ્રવ્યના ઉપયોગનો પ્રશ્ન અણઉકેલાયેલ રહે છે. આજે તો ચેરિટિ કમિશ્નરના એક અથવા બીજા પ્રકારના સૂચનને આપણે તાબે થવું પડે એવી પરિસ્થિતિ ઊભી થઇ ચૂકી છે. તીર્થંકરો મહાન્ આચાર્યો અને ધર્મ ઉપર માંસાહારથી માંડી અનેક જાતના ન્હાના મોટા આક્ષેપો આપ નિહાળી રહ્યા છો. આજે ઠેર ઠેર રતલામ, બામણવાડજી કે કેશરીયાજી જેવી સ્થિતિ ઊભી થતી જાય છે. તેનાં મૂળ કારણો બારીકાઈથી તપાસવાની જરૂર છે. આપણે આપણું કર્તવ્ય ભૂલ્યા અને બીજાઓને માલેક બનાવતા જઈએ છીએ. આ અને આવા સર્વ પ્રશ્નોનો ઉકેલ "સંગઠિત બળ" માં જ હું જોઈ રહ્યો છું અને તે માટે આ સંસ્થા–કોન્ફરન્સ આપણાં સદ્ભાગ્યે વિદ્યમાન છે, નહિંતર આપણે સ્થાપવી પડત, તો તેને સર્વ પ્રકારે મજબુત બનાવી તેની છત્રછાયા નીચે શ્રમણ ભગવાન મહાવીરના અહિંસા અને 'જીવો અને જીવવા દો'–એ સિદ્ધાંતને પ્રસરાવવા આપણે સૌ ઉદ્યુકત બનીએ એવી મારી આપને નમ્ર અપીલ છે.

× × ×

બાદ જાણીતા દાનવીર અને સેવાની સંપૂર્ણ ધગશવાળા શ્રીયુત **મેઘજીભાઈ પેથરાજ શાહે** કોન્ફરન્સના આ અધિવેશનનું ઉદ્ઘાટન કરતાં જણાવ્યું કે– જૈન પ્રજાની આ કોન્ફરન્સ એક પ્રમુખ સંસ્થા છે. કોઈ પણ વ્યકિત, વર્ગ કે સમાજ, નિયમન વગર ચાલી શકતો નથી કે વિકાસ સાધી શકતો નથી. આપણી કોન્ફરન્સનો ઇતિહાસ જોતાં લાગે છે કે ધાર્મિક વિષયો અને પરંપરાઓ સંબંધમાં એણે આપણને અને સમાજને અનેક વાર માર્ગદર્શન આપ્યું છે. સામાજિક પરંપરાઓ અને વ્યવહારોનું એણે નિયમન કર્યું છે. સામાજિક, આર્થિક અને કેળવણીની દિશામાં એણે અનેકવિધ સેવા કરી છે.

જગત બદલાયું છે, જગતની પ્રણાલિકાઓ બદલાઈ છે. આર્થિક, સામાજિક અને રાજદ્વારી ક્ષેત્રે અનેક વાદો અને માન્યતાઓ પ્રચલિત છે, એ સંજોગોમાં એક ધર્મ જ એવી ચીજ છે કે જીવન અને સમાજમાં એકવાકયતા લાવી શકે અને વ્યકિત તથા સમાજના વિકાસમાં મદદ કરી શકે. હું નમ્રપણે માનું છું કે, આપણા જૈનધર્મમાં એ તાકાત ભરેલી છે, પણ એકલી શ્રદ્ધાને જોરે ધર્મનો ફેલાવો હવે અશકય બન્યો છે. બુદ્ધિગમ્ય અને તાર્કિક રીતે લોકોના મન આગળ ધર્મના વિચારો રજૂ નહિ થાય તો ધર્મ–ઉપાશ્રય અને મંદિરોમાં જ રહેશે અને માનવજીવનના વિકાસમાં એનો ફાળો અલ્પ બની જશે.

જેમ ધાર્મિક તેમ આપણી સામાજિક અને આર્થિક પરિસ્થિતિ પણ સંક્રાન્તિ કાળનો અનુભવ કરે છે. આપણો સમાજ એક ઊજળીયાત મધ્યમ વર્ગનો બુદ્ધિજીવી સમાજ છે. છેલ્લા વર્ષોમાં દેશમાં જબરદસ્ત એવી આર્થિક અને સામાજિક ક્રાન્તિ થઈ રહી છે. આ ફેરફારોને સમજવા અને એને અનુકૂળ થવું આપણે માટે જરૂરી બન્યું છે. આખા વિશ્વમાં ધીમે ધીમે શ્રમનું મહત્ત્વ વધતું જાય છે ત્યારે એક કમાનાર અને દશ ખાનાર હોય એવા કુટુંબોને મુશ્કેલીઓ ઊભી થવાની જ: પણ સમયના પરિવર્તનને ઓળખીને આપણા વર્ગે જીવનના રહન–સહન અને માન્યતાઓમાં ફેરફારો કરવા પડશે. પુરુષ જેટલી જ બ્હેનોની કેળવણી માટે કાળજી લેવી પડશે અને કેળવણી સાથે શ્રમનો સુયોગ પણ કરવો પડશે. આજના ભણતરે અને આપણા સમાજના બેઠાડુ જીવને આપણી શ્રમવૃત્તિ મારી નાખી છે. ભણેલા લોકો શ્રમથી ભાગવા માંડે છે. મહેનત–મજૂરીમાં એમને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રસ પડતો નથી, શ્રમ વગરનું એકલું ભણતર હવેના યુગમાં ચાલી શકે તેમ નથી. એટલે શ્રમ અને પુરુષાર્થની વૃત્તિ જાગૃત કરવી એ સામાજિક પ્રવૃત્તિઓનો ઉદ્દેશ હોવો જોઇએ.

મને ઘણીવાર લાગે છે કે આજનું બદલાયેલું વાતાવરણ ભગવાન શ્રી મહાવીરના ત્યાગ અને અપરિગ્રહની ભાવનાને સમજવા માટે ખૂબ ઉપયોગી થઈ શકે તેમ છે. માનવ જીવનને જૈન ધર્મના અહિંસા અને અપરિગ્રહના ઉપદેશની જે જરૂર છે તેટલી કયારેય નહોતી અને સાથે સાથે એ ઉપદેશને ઝીલવા માટેનું અનુકૂળ વાતાવરણ પણ કયારેય નહોતું. હું આશા રાખું છું કે આપણે બધા અનુયાયીઓ ભગવાન શ્રી મહાવીરનો ઉપદેશ સમજવા અને જગત આગળ પહોંચાડવા માટે કટિબદ્ધ થઈએ.

× × ×

બાદ આ અધિવેશનના ચુંટાયેલા પ્રમુખ કલકત્તા-નિવાસી શ્રીયુત **મોહનલાલ લલ્લુભાઇએ** જણાવ્યું કે–શ્રદ્ધાની અત્યંત ઉપયોગિતા માટે કોઇનો બેમત નથી, પરંતુ તે સમજપૂર્વકની નિષ્ઠાવાળી તથા બુદ્ધિગ્રાહી હોવી જોઇએ. તે સાથે મારા નવયુવક ભાઇ–બહેનોને નમ્રતાપૂર્વક એટલું સૂચન કરવા માગું છું કે ધાર્મિક તથા સામાજિક સુધારા કરવા માટે તમે જે ધગશ બતાવી રહ્યા છો તે ખરેખર પ્રશંસાપાત્ર છે, પણ તે સુધારા એવી રીતે થવા જોઇએ કે જેથી આપણા મૂળભૂત સિદ્ધાંતને બાધ ન આવે વધારાનું ઘાસ ઉખેડવાને બદલે આપણે મૂળ છોડોને જ કાપી નાખીએ તો એ ખેતરમાંથી કયો પાક લણી શકાય ? એટલે મૂળભૂત સિદ્ધાંતોને સાચવીને યુગબળ પ્રમાણે યોગ્ય પરિવર્તન થવું ઘટે.

## વિવિધતામાં એકતા

જૈન સમાજ બુદ્ધિશાળી તથા ધાર્મિક વૃત્તિવાળો હોવા છતાં પછવાડે કેમ પડી ગયો....? એ પણ ખુલ્લા દિલે વિચારવાની જરૂર છે. આજે સાધુસમાજમાં જોઇએ તેવો સંપ નથી, સંઘમાં પણ લગભગ તેવી જ સ્થિતિ છે. આ વસ્તુ અત્યંત શોચનીય છે. આ બાબતનો વિચાર કરવામાં જો કે આપણે મોડા પડયા છીએ પણ ભૂલ્યા ત્યાંથી ફરી ગણીએ તો કંઇ બગડી જવાનું નથી. મને લાગે છે કે આપણો પૂજ્ય સાધુ-સમાજ સંવત્સરી અને બીજી તિથિઓ સંબંધી પ્રવર્તી રહેલા મતભેદો દૂર કરી, એક જ દિવસે તિથિ પાળી શકાય તેવો ઉકેલ લાવે તો જૈન સંઘમાં સંપની વૃદ્ધિ થશે. પણ કદાચ એમ ન બની શકયું તો જેમને જે તિથિ પાળવી હોય તે ભલે પાળે, પણ તે બાબતમાં વૈમનસ્ય થવું ન જોઇએ. ધર્મનાં નામે શાંતિ થવી જોઈએ, તેના બદલે આજે ઝઘડા થઇ રહ્યા છે અને કુસંપ તથા કજીયા વધી રહ્યા છે, એ જોઇને દિલમાં અત્યંત દુ:ખ થાય છે.

## શ્રાવક–શ્રાવિકાનો ઉત્કર્ષ

જગદ્વંદ્ય જિનેશ્વર દેવોએ જિનમંદિર, જિન-મૂર્તિ, જિનાગમ, સાધુ. સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ સાત ક્ષેત્રની સેવા કરવાનો ઉપદેશ આપેલો છે, તેથી આપણે આ સાતે ક્ષેત્રમાં અઢળક ધન વાપરતા આવ્યા છીએ ને હવે પછી પણ તે જ પ્રમાણે વાપરીશું એમાં કોઈ શંકા નથી; પરન્તુ આ વિષયમાં હું માનું છું ત્યાં સુધી શાસ્ત્રકારોએ એવી સ્પષ્ટ સૂચના આપેલી છે કે જે કાળે જે ક્ષેત્ર સીદાતું હોય તેના પર વિશેષ લક્ષ આપવું, જેથી કરીને બધા ક્ષેત્રો સમાન રીતે જળવાઈ રહે. આપણો રોજનો અનુભવ પણ એ જ વસ્તુ કહે છે કે જે શરીરનાં સઘળાં અંગો સપ્રમાણ હોય તે શરીર શોભી ઉઠે છે, અને જે શરીરના અમુક અંગો પુષ્ટ તથા અમુક અંગો ખૂબ પાતળાં હોય તે શરીર તદ્દન વરવું લાગે છે, તેથી સર્વ ભાઇબહેનોને મારી એક જ વિનંતિ છે કે આજે શ્રાવક–શ્રાવિકા ક્ષેત્ર સીદાઇ રહ્યું છે, તેના પર વિશેષ ધ્યાન આપે અને તેનો ઉત્કર્ષ થાય તેવા સઘળા પ્રયત્નો કરે.

## રાજદ્વારી ક્ષેત્ર

આપણો સમાજ વ્યાપાર અને ઉદ્યોગનાં ક્ષેત્રમાં ઠીક ઠીક રસ લઇ રહ્યો છે, એટલે તે ક્ષેત્રોમાં આપણું કેટલુંક વર્ચસ્વ જળવાઇ રહ્યું છે, પરન્તુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજદ્વારી ક્ષેત્રને અતિ મહત્ત્વનું સમજવા છતાં તેમાં ખાસ રસ લેતા નથી, એટલે તે ક્ષેત્રમાંથી આપણું વર્ચસ્વ ઘણું જ ઘટી થયું છે અથવા તો બીલકુલ ચાલ્યું ગયું છે, એમ કહું તો પણ ખોટું નથી. આજે મધ્યસ્થ સરકાર તથા પ્રાંતિક સરકારોમાં આપણું પ્રતિનિધિત્વ કેટલું? તેમ જ લોકલ બોર્ડ, નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓમાં આપણો અવાજ કેટલો? મતલબ કે આપણે આ ક્ષેત્રમાં સારી રીતે રસ લેવો જોઈએ.

## ધાર્મિક કેળવણી

આપણાં બાળકોને ધાર્મિક કેળવણી મળતી રહે તે માટે જ્ઞાનશાળાઓ-પાઠશાળાઓની સંખ્યા વધારવાની જરૂર છે અને તેમાં યોગ્ય શિક્ષકોદ્વારા પદ્ધતિસરનું ધાર્મિક શિક્ષણ અપાતું રહે તેવો પ્રબંધ કરવાની અતિ આવશ્યક્તા છે. આ દિશામાં કોન્ફરન્સ દ્વારા સ્થપાએલું જૈન શ્વેતામ્બર એન્યુકેશનલ બોર્ડ, મુંબઈનો જૈન ધાર્મિક શિક્ષણસંઘ તથા મહેસાણાની યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા વગેરે નોંધપાત્ર કામગીરી બજાવી રહેલ છે, પરંતુ તે બધામાં એકતા આવે ને એક સામાન્ય અભ્યાસક્રમ દ્વારા બધા વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાય તેવું ધોરણ ઊભું કરવાની ખાસ જરૂર છે.

## વ્યવહારિક કેળવણી

શાળા-કોલેજની કેળવણી પણ જીવનનું અંગ છે, કારણ કે તે વિના રોટીનો પ્રશ્ન ઉકેલી શકાય તેમ નથી, એટલે તેને પણ યોગ્ય મહત્ત્વ આપવું જોઈએ. જ્યાં રોટીની ચિંતા હોય ત્યાં ધાર્મિક શિક્ષણ પણ શિથિલ બની જાય છે, એ વાત ભૂલવા જેવી નથી. પરન્તુ આ કેળવણી એવી રીતે યોજવી જોઈએ કે જેથી બુદ્ધિનો વિકાસ થાય, સુસંસ્કારોની વૃદ્ધિ થાય અને કર્તવ્યપરાયણતાની ભાવના ખૂબ જોરદાર બને.

## વ્યાપારી જીવન

જૈન કોમ વ્યાપારી કોમ છે, આ અગ્રણી કોમ વેપાર-ઉદ્યોગમાં પાછળ કેમ પડતી જાય છે? તે વિચારવું ઘટે. સટ્ટાને આજના વ્યાપારી જીવનમાં સ્થાન જ નથી. વ્યાપારી જીવન બહેલાવવા માટે યોગ્ય સાહસ, સંપ, પ્રામાણિકતા, નેકી, સહકાર વગેરે ગુણો કેળવવા જોઈએ.

---

## પસાર થયેલા ઠરાવો.

**ઠરાવ નં. ૧ : શોક પ્રસ્તાવ:—**

(અ) પૂજ્યપાદ જૈનાચાર્ય શ્રી ૧૦૦૮ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબના મુંબઈમાં તા. ૨૨-૯-૫૪ના રોજ થયેલ સ્વર્ગારોહણથી સકળ સંઘને, એક આદર્શ, મહાપ્રભાવી, દીર્ઘદૃષ્ટા મહાત્માની ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. તેઓશ્રીએ કોન્ફરન્સની પ્રવૃત્તિઓને વિકસાવવા આજીવન ઉપદેશ આપ્યો હતો, અને સર્વત્ર શિક્ષણસંસ્થાઓ વિકસાવી સમાજને અભ્યુદયના માર્ગે વાળેલ છે. તેઓશ્રીના સ્વર્ગારોહણ માટે કોન્ફરન્સનું આ અધિવેશન પોતાનું દુઃખ પ્રકટ કરે છે અને તેઓશ્રીના આત્માને પરમ શાંતિ ઇચ્છે છે.

(બ) પૂજ્યપાદ જૈનાચાર્ય શ્રી ૧૦૦૮ શ્રી વિજય કલ્યાણસૂરીશ્વરજી મહારાજ, પૂજ્ય મુનિ શ્રી વિદ્યાવિજયજી મહારાજ, આચાર્યશ્રી ગૌતમસાગરજી મહારાજ (કચ્છ), આચાર્યશ્રી જિનરત્નસૂરિ તથા કાળધર્મ પામેલા અન્ય મુનિવર્યો માટે આ કોન્ફરન્સ પોતાનું દુઃખ પ્રકટ કરી તેઓશ્રીના આત્માને પરમ શાંતિ ઇચ્છે છે.

(ક) શ્રી જૈન શ્વે. કોન્ફરન્સના સ્થાપક શેઠ ગુલાબચંદજી ઢઢ્ઢા એમ. એ. (જયપુર) એ સમાજના સર્વદેશીય ઉત્થાન માટે આજીવન ભેખ ધરી સમાજને ચરણે બહુમૂલ્ય સેવાઓ અર્પેલી હતી. તેઓશ્રીના સ્વર્ગવાસથી સમાજને એક અજોડ નેતાની ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. તે બદલ કોન્ફરન્સનું આ અધિવેશન અસંત ખેદ પ્રદર્શિત કરે છે અને તેમના આત્માને પરમ શાંતિ ઇચ્છે છે.

(ડ) કોન્ફરન્સ પ્રત્યે પ્રેમ અને સહાનુભૂતિ ધરાવનાર શેઠ રવજી સોજપાળ (મુંબઈ), શેઠ મકનજી જુઠાભાઈ મહેતા (મુંબઈ), શેઠ નાથાલાલ ડી. પરીખ જે. પી. (પાલનપુર). શેઠ દયાળચંદજી જોહરી (આગ્રા)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શેઠ જીવરાજ ઓધવજી દોશી (ભાવનગર), શેઠ મણિલાલ મોકમચંદ શાહ (મુંબઇ), શેઠ સુરચંદ પી. બદામી (સુરત), શેઠ ચીમનલાલ ડાહ્યાભાઈ પરીખ (કપડવંજ), પં. શ્રી ફતેહચંદ કપુરચંદ લાલન (જામનગર), ડૉ. ત્રિભોવનદાસ લહેરચંદ શાહ (વડોદરા) શ્રીમતી માણેકબ્હેન ચીમનલાલ શેઠ (અમદાવાદ), સર કીકાભાઇ પ્રેમચંદ નાઇટ (મુંબઇ), બાબુ કીર્તિપ્રસાદજી જૈન (બીનૌલી), શેઠ સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશી ( મહુવા ), નગરશેઠ વનમાળીદાસ બેચરભાઇ (પાલીતાણા), શેઠ મણિલાલ ખુશાલચંદ પારેખ (પાલણપુર), નગરશેઠ શ્રી બાબુભાઇ (સુરત), શેઠ હેમચંદ ચત્રભૂજ (મુંબઇ), શેઠ મદનસિંહજી કોઠારી (ઉદયપુર), શેઠ મોહોલાલ મગનલાલ શાહ (મુંબઇ), શેઠ વલ્લભદાસ ત્રિભોવનદાસ ગાંધી (ભાવનગર), શેઠ બકુભાઇ મણીલાલ ( અમદાવાદ ), શેઠ ભગુભાઇ ચુનીલાલ સુતરીઆ (અમદાવાદ), શેઠ જમનાદાસ અમરચંદ ગાંધી (ભાવનગર), શેઠ ભોગીલાલ દોલતચંદ શાહ (પાટણ), શેઠ ઝવેરચંદ પરમાણંદ ભણસાલી (મુંબઇ), શેઠ ભગવાનદાસ હરખચંદ શાહ (લીંબડી), શેઠ હેમચંદ મોહનલાલ ઝવેરી ( પાટણ ), શ્રી જી. રૂગનાથમલ (હૈદ્રાબાદ), શેઠ લક્ષ્મીચંદજી કોચર (કલકત્તા), શેઠ મંગળદાસ લલ્લુભાઇ ઘડીયાળી ( વીજાપુર ), શેઠ મુલચંદ સજમલજી (સાદડી), શેઠ ધુલચંદજી બી. મોદી (સૈલાના), શેઠ કેશવજી નેમચંદ ( માંગરોળ ), શેઠ શાંતિલાલ જીવણલાલ (વઢવાણ), શેઠ રામચંદ્ર મુલચંદ વખારીઆ (બારસી), શેઠ એસ. આર. સીંઘી (શિરોહી), શ્રી હંસરાજ ડી. શાહ (મુંબઈ)ના સ્વર્ગવાસ બદલ કોન્ફરન્સનું આ અધિવેશન અસંત ખેદ પ્રદર્શિત કરે છે અને તેમના આત્માને પરમ શાંતિ ઇચ્છે છે.

**ઠરાવ નં. ૨ : શ્રી મહાવીર જન્મકલ્યાણ—**

અહિંસાના મહાન્ પ્રવર્તક પરમોપકારી જગદ્વંદ્ય ચરમ તીર્થંકર શ્રમણ ભગવાન શ્રી મહાવીરના જન્મકલ્યાણક દિવસને જાહેર તહેવાર (પબ્લીક હોલીડે) તરીકે માન્ય રાખવા મધ્યસ્થ સરકારને આ કોન્ફરન્સ આગ્રહપૂર્વક વિનંતિ કરે છે અને આ માટે યોગ્ય કાર્યવાહી કરવાની સત્તા કાર્યવાહી સમિતિને આપે છે.

**ઠરાવ નં. ૩ : જૈનો અને રાજકારણ—**

જૈન સમાજ અત્યાર સુધી રાજકારણમાં રસ લેતો આવ્યો છે. આજે ભારતવર્ષ આઝાદ થતાં અને રાષ્ટ્રોન્નતિના કાર્યોમાં તે વધુમાં વધુ રસ લે તે ઇચ્છનીય હોઇ આ કોન્ફરન્સ સમાજને તેમાં સક્રિય ભાગ લેવા અનુરોધ કરે છે.

**ઠરાવ નં. ૪ : સાહિત્ય પ્રચાર—**

વીતરાગ દેવથી પ્રવર્તેલા અને સદ્‌ગુરુથી પ્રચાર પામેલા જૈન ધર્મના સિદ્ધાંતો સમસ્ત વિશ્વને હિતકારી છે, એવો આ અધિવેશન દઢ અભિપ્રાય ધરાવે છે, તેથી જાહેર જનતા સરળતાથી સમજી શકે તેવી રીતે જૈન ધર્મના પુસ્તકો છપાય અને તેનો બહોળો પ્રચાર થાય તેને આવશ્યક માને છે. આ દિશામાં યોગ્ય પ્રવૃત્તિ કરવા કાર્યવાહી સમિતિને સૂચવવામાં આવે છે.

**ઠરાવ નં. ૫ : શ્રી કેસરીયાજી તીર્થ—**

શ્રી કેસરીયાજી તીર્થમાં પૂજા-અર્ચના વગેરે બાબતોમાં જૈન ધર્મ માન્યતા અને પ્રણાલિકા વિરુદ્ધ ગેરરીતીઓ ચાલે છે અને આશાતનાઓ થાય છે તેમજ મિલ્કતનો ગેરવહીવટ અને દુર્વ્યય થાય છે. તદુપરાંત યાત્રિઓ અને સાધુ-મુનિમહારાજો પ્રત્યે પંડાઓ જે ઉદ્ધત અને અયોગ્ય વર્તન કરે છે તેથી જૈન પ્રજામાં ભારે અને ઉગ્ર અસંતોષ તેમજ ભયની લાગણી ઘણા વખતથી પ્રવર્તે છે. એમ થવાના કેટલાંક કારણોમાં હાલમાં જે વહીવટ રાજસ્થાન સ્ટેટના દેવસ્થાન ડીપાર્ટમેન્ટના કર્મચારીઓના હસ્તક છે અને તેઓને જૈન સિદ્ધાંત-માન્યતા અને પ્રણાલિકાનો ખ્યાલ ન હોવાને લઇને અને જૈન લાગણી ન સમજવાને લઇને થાય છે. આ સંજોગોમાં કોન્ફરન્સ રાજસ્થાન સરકારને નમ્રભાવે વિનંતિ કરે છે કે પહેલાંના ઉદેપુર રાજ્યની સરકારે યોગ્ય જૈન ગૃહસ્થોની કમિટિને સઘળો વહીવટ સોંપેલો હતો તે પ્રમાણે રાજસ્થાન સરકારે શ્રી કેશરીયાજી તીર્થનો સઘળો વહીવટ યોગ્ય જૈન ગૃહસ્થોની કમિટિને સોંપવો અથવા સઘળા વહીવટને માટે સ્કીમ કરીને યોગ્ય જૈન ગૃહસ્થોને વહીવટકર્તા નીમી તેમની મારફતે વહીવટ થાય તેવો પ્રબંધ કરવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઠરાવ નં. ૬ : આક્ષેપ પ્રતિકાર—**

શ્રી ધર્માનંદ કોસંબીએ લખેલ ભગવાન બુદ્ધ નામના પુસ્તકમાં ભગવાન શ્રી મહાવીરસ્વામી અને શ્રમણ સંઘ અંગે જે ગેરસમજ ઊભું કરનાર માંસાહારનું લખાણ કરેલ છે તેથી સમગ્ર જૈન સમાજની લાગણી અત્યંત દુભાઈ છે અને આ પ્રકારનું લખાણ આ પુસ્તકમાંથી રદ કરવા માટે યોગ્ય પગલાં ભરવાને કોન્ફરન્સ ભારત સરકારને તેમજ સાહિત્ય અકાદમીને આગ્રહપૂર્વક વિનંતિ કરે છે અને ભવિષ્યમાં જૈન ધર્મ ઉપર આક્ષેપો તથા બીનપાયાદાર લખાણો અટકાવવા યોગ્ય પગલાં લેવા સરકારને વિનંતિ કરે છે.

આ અંગે સાહિત્ય અકાદમીએ મજકુર લખાણના અર્થ અંગે નોટ મૂકવા જે ઠરાવ કર્યો છે તેથી સમગ્ર જૈન સમાજને જરા પણ સંતોષ થયો નથી અને આ લખાણ સદંતર રદ થવું જોઈએ એવી માન્યતા સમગ્ર જૈનસમાજ ધરાવે છે. આ માટે કોન્ફરન્સ સમગ્ર જૈન સમાજને આંદોલન ચાલુ રાખવા જણાવે છે.

**ઠરાવ નં. ૭ : ધાર્મિક અને નૈતિક કેળવણી—**

સમગ્ર પ્રજાનું નૈતિક જીવન ઉચ્ચ કક્ષાનું બને તે માટે પ્રજાના બાળકોમાં નાનપણથી ધાર્મિક અને નૈતિક સંસ્કાર પાડવાની ખાસ અગત્ય છે. તે બર લાવવા ભારતમાં વસતી દરેકે દરેક કોમને તેના હસ્તક ચાલતી શાળાઓમાં ધાર્મિક અને નૈતિક કેળવણી આપવાની સંપૂર્ણ સ્વતંત્રતા હોવી જોઈએ એમ આ કોન્ફરન્સ ભારપૂર્વક જાહેર કરે છે.

ભારતનું રાજ્ય બીન–સાંપ્રદાયિક છે અને રહેવું જોઈએ, તે સિદ્ધાંતનો અર્થ શાળાઓમાં અપાતી ધાર્મિક અને નૈતિક કેળવણી બંધ કરવાનો ન થવો જોઈએ. રાજ્યના બંધારણમાં પણ આવી કેળવણી મરજીયાતરૂપે આપવાનો સિદ્ધાંત સ્વીકારવામાં આવ્યો છે, છતાં નામદાર મુંબઈ સરકારનાં કેળવણીખાતાએ થોડો વખત પહેલાં સરકારી મદદ લેતી બધી શાળાઓમાં પરિપત્રો મોકલી અભ્યાસના સમયમાં શાળાઓના અભ્યાસક્રમમાં ફક્ત વ્યવહારિક શિક્ષણ આપવાનું જે ફરમાન કર્યું છે તે પ્રત્યે આ કોન્ફરન્સ ઊંડી ખેદની લાગણી પ્રદર્શિત કરે છે અને નામદાર મુંબઈ સરકારને નમ્રતાપૂર્વક વિનંતી કરે છે કે આ પરિપત્રો પાછા ખેંચી લેવા અને દરેક શાળાના સંચાલકોને અભ્યાસ માટે નિર્ણીત કરેલા સમયમાં વ્યવહારિક શિક્ષણને ક્ષતિ ન પહોંચે તે લક્ષમાં રાખી શાળામાં ભણતાં બાળકોને ધાર્મિક અને નૈતિક કેળવણી આપવાની છૂટ આપવી.

**ઠરાવ નં. ૮ : પબ્લિક ટ્રસ્ટ ફંડો—**

જૈન ટ્રસ્ટ અને ફંડોના વહિવટકર્તાઓ અને ટ્રસ્ટીઓ ટ્રસ્ટ અને ફંડોના ઉદ્દેશો માટે એનો ઉપયોગ કરવા ઊપેક્ષા સેવે છે અને ઢીલ કરે છે, અને તેથી દાતાઓના ઉદ્દેશો પાર પડતાં નથી. લોકોને જે લાભ જ્યારે અને જે રીતે થવો જોઈએ તે થતો નથી. આવા ફંડો બાંધી રાખવાની કે ખોટી રીતે વધારવાની સંગ્રહવૃત્તિ અયોગ્ય અને અહિતકર છે એમ આ કોન્ફરન્સ માને છે અને વહીવટકર્તાઓએ ફંડો અને ટ્રસ્ટોના ઉદ્દેશો પ્રમાણે શક્ય તેટલા સત્વરે ઉપયોગ કરવા આગ્રહ કરે છે.

ચેરીટી કમીશ્નર ધાર્મિક ફંડોના નાણાં બીજા ઉદ્દેશો માટે ખર્ચવા ટ્રસ્ટીઓને આગ્રહ કરે છે અથવા કોર્ટમાં જવાની ફરજ પાડે છે અને ઘણી વખત પોતે કોર્ટમાં અરજી કરે છે. એ વલણ જાહેર હિતની દૃષ્ટિએ ન્યાયપુરઃસર અને હિતકર નથી. વળી કેટલાક સરપ્લસ કે બીજાં નાણાં જે તે ઉદ્દેશો માટે હોય તેને માટે ખર્ચી શકાય એમ હોવા છતાં બીજા ઉદ્દેશો માટે ખર્ચવા ચેરીટી કમીશ્નર આગ્રહ સેવે છે. દાતાઓના હેતુઓ સારી રીતે પાર પડે તેમજ સમાજને યોગ્ય રીતે લાભ મળે તે માટે જૈન ટ્રસ્ટો અને ધર્માદા ફંડનો ઉપયોગ યથાસમયે તેના નિયત ઉદ્દેશો અનુસાર કરવામાં આવે એ ખાસ જરૂરી છે, એમ આ કોન્ફરન્સ માને છે.

બીજા ઉદ્દેશો માટે ખર્ચાવા સી.પ્રે.નો સિદ્ધાંત પણ લગાડતા જૈનોના હિત માટે જે ફંડો અને ટ્રસ્ટો છે તેનો ઉપયોગ સાર્વજનિક કરાવવા માટે જે પ્રયાસો થાય છે તે માટે આ કોન્ફરન્સ દિલગીરી અને ખેદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યક્ત કરે છે. આવા પ્રયાસો બંધ કરવા નામદાર સરકારને વિનંતિ કરે છે.

**ઠરાવ નં. ૯ : ગ્રામપંચાયત અને યાત્રાટેક્સ—**

મુંબઈ ગ્રામપંચાયત એક્ટ સને ૧૯૩૩ની કલમ ૮૯ પ્રમાણે જે યાત્રાળુવેરો નાંખવાનું ઠરાવ્યું છે અને ગ્રામ પંચાયતોએ જેનો અમલ કરવાનો હાલમાં પ્રયાસ કર્યો છે તે કોમકોમ વચ્ચે બેદીલી અને કડવાશ ઊભી કરે છે ને કોમવાદને પોષક છે, તેથી આ કોન્ફરન્સ દેશના ઐક્યની દ્રષ્ટિએ અને સંપ અને એખલાસની દ્રષ્ટિએ યાત્રાળુવેરો એ મહાન્ અનિષ્ટ છે એમ માને છે. અને તે યાત્રાળુવેરો નાખતી કલમ રદ કરવા નામદાર મુંબઈ સરકારને આગ્રહભરી વિનંતી કરે છે.

**ઠરાવ ૧૦: રતલામ શાંતિનાથજી દેરાસર—**

રતલામના શાંતિનાથજીના મોટા દેરાસરનો કબ્જો ત્યાંની સરકારે સને ૧૯૫૪ ના નવેમ્બરથી હસ્તગત કર્યો છે, તે માટે આ કોન્ફરન્સ ઊંડા ખેદની લાગણી અનુભવે છે. અને રતલામના શ્રી જૈનસંઘને પહેલાંની માફક દેરાસરનો કબ્જો સત્વરે સોંપી દેવા આ કોન્ફરન્સ મધ્ય પ્રદેશની ના. સરકારને નમ્રપણે આગ્રહભરી માગણી કરે છે.

સને ૧૯૫૪ના નવેમ્બર માસમાં કેટલાક તોફાની અને બેજવાબદાર તત્ત્વોએ સનાતન ધર્મને નામે જૈનો વિરુદ્ધ ભય અને ત્રાસનું વાતાવરણ સર્જ્યું હતું અને બહુમતી કોમને જૈનો વિરુદ્ધ ખોટી રીતે ઉશ્કેરી મૂકી હતી, અને તેવા સંજોગોમાં યોગ્ય રક્ષણના અભાવે ત્યાંના જૈનોએ જે અસહાય દશા અનુભવી હતી તે માટે આ કોન્ફરન્સ દિલગીરી અને ઊંડા ખેદની લાગણી વ્યક્ત કરે છે. અને આશા રાખે છે કે આ લોકવાદના યુગમાં કોઇ પણ કોમ, કોઈ પણ પ્રશ્નના ઉકેલ માટે બળ કે ભય-ત્રાસનો ઉપયોગ નહિ કરે, અને એવા ઉપયોગ સામે એવા સંજોગોમાં સરકાર એને પૂરતું રક્ષણ આપે અને યોગ્ય પગલાં લે એમ આ કોન્ફરન્સ આગ્રહ કરે છે. અને વિશેષમાં આ વાતાવરણ સર્જાયું તે વખતે જે ભાઇઓએ જેલયાત્રા તથા અનેક કષ્ટો સહન કર્યાં છે, તેને માટે તે ભાઈઓ તરફ આ કોન્ફરન્સ સહાનુભૂતિ ધરાવે છે. અને રતલામ જૈન સંયુક્ત સંઘ જે લડત કરી રહી છે, તેને આજની કોન્ફરન્સ ટેકો આપે છે.

**ઠરાવ ૧૧ : સંગઠન—**

જૈન સમાજના બધા ફિરકાઓ વચ્ચે ભ્રાતૃભાવ અને નિકટતા કેળવવા તેમજ સર્વસામાન્ય પ્રશ્નો વિષે સહકારથી કાર્ય કરવા આ અધિવેશન જૈન સમાજને અનુરોધ કરે છે; અને આ અંગે યોગ્ય કરવા કાર્યવાહી સમિતિને ભલામણ કરે છે.

**ઠરાવ નં. ૧૨ : સમાજઉત્કર્ષ—**

હાલના અત્યંત કપરા સંયોગોમાં સમાજના મોટા ભાગની પરિસ્થિતિ અત્યંત વિષમ બની છે અને જીવનની ખાસ જરૂરિયાતો પૂરી કરવામાં તેઓના માટે સસ્તાં રહેઠાણો અને વૈદકીય સારવાર, તેઓનાં બાળકો માટે યોગ્ય કેળવણીની ગોઠવણો, તેઓને યોગ્ય ધંધા-રોજગારનું માર્ગદર્શન આપી તે માટે જરૂરી મદદની અને જીવનની બીજી મુખ્ય જરૂરિયાતો પૂરી પાડવાની અગત્યતા આ કોન્ફરન્સ જૈન સમાજના ધ્યાન ઉપર લાવે છે.

આ દિશામાં કોન્ફરન્સે શાળાની ફી અને પાઠ્ય પુસ્તકો આપવાની પ્રથા તેમજ સમાજના ભાઈ બ્હેનોને ગૃહઉદ્યોગો શીખવવા ઉદ્યોગગૃહ ચાલુ કર્યાં છે. તે તેમજ ઉપર જણાવેલ બીજાં કાર્યને વધુ વિસ્તારી તેને વિકસાવવા માટે અને સમાજના મોટા ભાગની સ્થિતિ સુધારી તેઓને પડતી અનેક મુંઝવણો દૂર કરવા જરૂરી યોજનાઓ ઘડી તેનો અમલ કરવા તથા ઉપરોક્ત કાર્યોનો તેમજ સમાજહિતને સ્પર્શતાં બીજાં કાર્યોનો વિસ્તાર કરી તેને વિકસાવવા અને કોન્ફરન્સ હસ્તકનાં ઉપરોક્ત ખાતાઓ અને તે અંગેના બધા સંપૂર્ણ સત્તા સાથેની એક સમિતિને સોંપવાનું ઠરાવે છે.

ઉપર જણાવ્યા પ્રમાણેની સર્વ પ્રકારની વ્યવસ્થા કરવા કાર્યવાહક સમિતિને સત્તા આપવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પર્વાધિરાજ શ્રીપર્યુષણ પર્વના પવિત્ર દિવસોમાં

# વાંચવા તેમજ વિચારવા યોગ્ય સરલ પુસ્તકો

| | |
|---|---|
| બાલેન્દુકાવ્યકૌમુદી | ૨-૦-૦ |
| શ્રી આનંદઘનજીનું દિવ્ય-જિનમાર્ગદર્શન | ૧-૮-૦ |
| શ્રી આનંદઘનજીનાં પદો (વિવેચન સહિત) | ૭-૮-૦ |
| ચોસઠ પ્રકારી પૂજા (અર્થ તેમજ પચીશ કથા સહિત) | ૩-૦-૦ |
| અધ્યાત્મકલ્પદ્રુમ (વિસ્તૃત વિવેચન સહિત) | ૬-૪-૦ |
| આદિનાથ ચરિત્ર | ૧-૮-૦ |
| આચારપ્રદીપ | ૦-૧૨-૦ |
| કલિંગનું યુદ્ધ | ૧-૦-૦ |
| ઉપમીતી પીઠબંધ ભાષાંતર | ૦-૧૨-૦ |
| ગુણસ્થાનક્રમારોહ | ૦-૧૨-૦ |
| જૈનકથા રત્નકોશ ભાગ છઠ્ઠો | ૩-૦-૦ |
| ઉપમીતી ભવપ્રપંચા કથા ભાષાંતર ભાગ ૧ લો | ૫-૦-૦ |
| ,, ભાગ ૨ જો | ૬-૦-૦ |
| ,, ભાગ ૩ જો | ૫-૦-૦ |
| ,, ભાગ ૪ થો (સિદ્ધર્ષિ) | ૫-૦-૦ |
| ત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર ભાષાંતર પર્વ ૧-૨ | ૬-૦-૦ |
| ,, પર્વ ૩-૬ | ૫-૦-૦ |
| ,, પર્વ ૮-૯ | ૪-૮-૦ |
| ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ ૧ લો | ૩-૮-૦ |
| ,, ભાગ ૩ જો | ૩-૦-૦ |
| ભોજપ્રબંધ ભાષાંતર | ૨-૦-૦ |
| વીસસ્થાનક તપવિધિ | ૨-૮-૦ |
| દેવવંદનમાળા | ૨-૪-૦ |
| ધના શાલિભદ્રનો રાસ | ૦-૧૨-૦ |
| નિત્ય સ્વાધ્યાય સંગ્રહ | ૩-૦-૦ |
| યુરોપનાં સંસ્મરણો | ૧-૮-૦ |
| શંખેશ્વર પાર્શ્વનાથ | ૧-૮-૦ |
| સ્નાત્રકળશાદિ સંગ્રહ | ૨-૦-૦ |
| હેમચંદ્રાચાર્ય ચરિત્ર | ૦-૧૨-૦ |
| નયપ્રદીપ | ૧-૦-૦ |
| શ્રી કર્પૂરવિજયજી લેખસંગ્રહ ભાગ ૮ | ૧-૧-૦ |
| ,, ભાગ ૯ | ૧-૮-૦ |
| પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા | ૨-૮-૦ |
| દાનધર્મ પંચાચાર | ૧-૦-૦ |
| જ્ઞાનસાર (વિવેચન સહિત) | ૨-૦-૦ |
| પાઇય ભાષા અને સાહિત્ય | ૬-૦-૦ |
| પ્રભાવિક પુરુષો ભા. ૩ જો | ૩-૮-૦ |
| તાત્ત્વિક લેખસંગ્રહ | ૨-૦-૦ |
| જૈનદૃષ્ટિએ યોગ | ૨-૮-૦ |
| અષ્ટક પ્રકરણ | ૦-૧૨-૦ |
| આગમસારોદ્ધાર | ૦-૧૨-૦ |
| કચ્છ-ગિરનારની મહાયાત્રા | ૧-૮-૦ |
| જૈન ઐતિહાસિક રાસમાળા | ૧-૦-૦ |
| દેવવિનોદ | ૧-૦-૦ |
| દંડક તથા લઘુસંગ્રહણી | ૧-૦-૦ |
| નવસ્મરણ | ૦-૧૨-૦ |
| વિધિ સહિત પંચપ્રતિક્રમણ | ૨-૦-૦ |
| બે પ્રતિક્રમણ સૂત્ર (અર્થ તેમજ ભાવાર્થ સહિત) | ૧-૮-૦ |
| પ્રાકૃત વ્યાકરણ | ૨-૦-૦ |
| સ્યાદ્વાદમંજરી | ૩-૦-૦ |
| સિદ્ધાંતમુક્તાવલી | ૧-૦-૦ |
| પ્રકરણાદિગર્ભિત વિચાર | ૧-૪-૦ |
| માનવ જીવનનું પાથેય | ૦-૮-૦ |
| ઐતિહાસિક પૂર્વજોની ગૌરવગાથા | ૨-૦-૦ |
| યુગાદિ દેશના | ૦-૧૨-૦ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156

| | |
|---|---|
| શ્રાદ્ધદિનકૃત્ય | ૦-૧૨-૦ |
| પરમાત્મા જ્યોતિ | ૦-૨-૦ |
| પાર્શ્વનાથનો વિવાહલો | ૦-૪-૦ |
| વૃદ્ધિચંદ્રજી જીવનચરિત્ર | ૦-૪-૦ |
| વીરવિજયજી જીવનચરિત્ર | ૦-૪-૦ |
| સાધુમર્યાદાપટ્ટક | ૦-૪-૦ |
| સુજશવેલી ભાસ | ૦-૪-૦ |
| સૂક્ત મુક્તાવલી | ૦-૨-૦ |
| સિંદૂર પ્રકરણ | ૦-૪-૦ |
| સંવેગમાળા | ૦-૪-૦ |
| હિતશિક્ષા (નાની) | ૦-૪-૦ |
| બાર વ્રતની પૂજા-અર્થ સાથે | ૦-૫-૦ |
| પ્રાતઃસ્મરણ અને સ્નાત્રપૂજા | ૦-૮-૦ |
| પંચસંયત પ્રકરણ | ૦-૪-૦ |
| વજસ્વામી આખ્યાન | ૦-૬-૦ |
| શ્રેષ્ઠી ગુણસાર | ૦-૮-૦ |
| સિદ્ધચક્ર સ્વરૂપદર્શન (સચિત્ર) | ૦-૮-૦ |
| અર્હત્-પ્રાર્થના (સ્તુતિ) | ૦-૪-૦ |
| સ્વાધ્યાયરત્નાવલિ | ૧-૪-૦ |
| શિવભૂતિ | ૦-૪-૦ |
| સંસ્કારનું વાવેતર | ૦-૪-૦ |
| આગમપુરુષનું રહસ્ય | ૦-૮-૦ |
| પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા -અર્થ સાથે | ૦-૫-૦ |
| બાર ભાવનાની સજ્ઝાય | ૦-૪-૦ |
| ભાવલોકપ્રકાશ | ૦-૪-૦ |

| | |
|---|---|
| અક્ષયનિધિ તપવિધિ | ૦-૩-૦ |
| સાદા ને સરળ પ્રશ્નોત્તર (સ્વ. કુંવરજીભાઈ) ભાગ ૨ | ૦-૪-૦ |
| ,, ભાગ ૩ | ૦-૫-૦ |
| ,, ભાગ ૪ | ૦-૫-૦ |
| વ્યવહારકૌશલ્ય ભાગ ૨ | ૦-૩-૦ |
| શારદાપૂજન વિધિ | ૦-૧-૦ |
| અધ્યાત્મબારાક્ષરી | ૦-૩-૦ |
| અર્હન્નામસમુચ્ચય | ૦-૩-૦ |
| આદીશ્વરની વિનંતિ | ૦-૩-૦ |
| ઉપદેશસપ્તતિકા | ૦-૪-૦ |
| ગુજરાતી દુહા સંગ્રહ | ૦-૪-૦ |
| ગૌતમસ્વામીનો મોટો રાસ | ૦-૧-૦ |
| ચારે દિશાની તીર્થમાળા | ૦-૪-૦ |
| ચિદાનંદજી ભાગ ૨ જો | ૦-૪-૦ |
| જંબૂદ્વીપસમાસ | ૦-૪-૦ |
| જિનસહસ્ર નામ | ૦-૪-૦ |
| તત્ત્વામૃત ગ્રંથ | ૦-૪-૦ |
| તીર્થંકરનામાવળી | ૦-૪-૦ |
| ધનપાળપંચાશિકા | ૦-૪-૦ |
| નવપદજીની પૂજા | ૦-૪-૦ |
| નમસ્કાર મહાત્મ્ય | ૦-૪-૦ |
| પ્રકરણ રત્નસંગ્રહ ભાગ ૨ | ૦-૫-૦ |
| ,, ,, ભાગ ૩ | ૦-૫-૦ |
| પાક્ષિક અતિચાર અર્થ સાથે | ૦-૪-૦ |
| પવિત્રતાને પંથે | ૦-૬-૦ |

## પ્રતાકાર

| | |
|---|---|
| શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર (મૂળ, ટીકા ને ટીકાનો અર્થ) | ૧૦-૦-૦ |
| વર્ધમાન દેશના ભા. ૨ | ૩-૦-૦ |
| આચારપ્રદીપ | ૩-૦-૦ |
| આવશ્યક સૂત્ર ભાગ ૩ | ૩-૦-૦ |
| ઉપમિતી પરિણામમાળા | ૧-૦-૦ |
| શ્રી જંબૂસ્વામી ચરિત્ર | ૧-૪-૦ |
| ઇરિયાપથિકા | ૦-૧૨-૦ |
| ચઉસરણ આઉરપચ્ચખાણ | ૦-૪-૦ |
| જૈનીય વૈરાગ્યશતક | ૦-૮-૦ |

| | |
|---|---|
| નવતત્ત્વ સુમંગળા ટીકા | ૩-૦-૦ |
| નલાયન | ૯-૦-૦ |
| પાંડવ ચરિત્ર ભાગ ૧ | ૪-૦-૦ |
| ,, ભાગ ૨ | ૪-૦-૦ |
| પ્રવ્રજ્યાવિધાનકુલક | ૧-૦-૦ |
| લોકપ્રકાશ ભાગ ૪ | ૩-૦-૦ |
| વૈરાગ્યરસમંજરી | ૧-૦-૦ |
| વિશેષાવશ્યક ગાથાનુક્રમ | ૧-૦-૦ |
| કલ્પસૂત્ર સુબોધિકા ટીકા | ૩-૦-૦ |
| સિદ્ધપ્રાકૃત વ્યાકરણ | ૨-૦-૦ |
| સ્તુતિકલ્પલતા | ૧-૮-૦ |

લખો :—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા - ભાવનગર.**

મુદ્રક : ગિરધરલાલ ફૂલચંદ શાહ-સાધના મુદ્રણાલય, દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only